**અપીલ અરજી :** તા.૧૬/૦૨/૨૦૧૫

**અરજદાર :** શ્રી આર.બી. મેદપરા(એડવોકેટ)

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ડી), મીના એમ ગજ્જર, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષય :** આર.ટી.આઇ એકટ હેઠળ શ્રી આર.બી.મેદપરા ની તા.૨૯/૧૨/૨૦૧૪ના રોજ આઇ.ડી.નં. ૨૧૮૮ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :** (૧) જા.મા.અ. અને ડેપ્યુટી ઈજનેર, સેન્ટ્રલ ઝોનના તા.૩૦/૧૨/૨૦૧૪ના પત્ર નં. સેન્ટ્રલ ઝોન /આર.ટી.આઇ/ આ/૨૯૯૯ .

(૨) જા.મા.અ. અને ડેપ્યુટી ઈજનેર, સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનના તા.૩/૧/૨૦૧૫ના પત્ર નં. સા.વે. (અઠવા) ઝોન/આર.ટી.આઇ/ આ/૧૩૦૪.

(૩) અત્રેનો તા.૨૦/૦૧/૨૦૧૫નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઇ/આ/૭૦૮.

(૪) આપશ્રીની તા.૧૬–૦૨–૧૫ ની (સેન્ટ્રલ ઝોન/સીવીક સેન્ટર/આ/૧૪૩૫, તા.૧૬–૦૨–૨૦૧૫) ની પ્રથમ અપીલ અરજીથી માંગેલ માહિતી બાબત.

(૫) અત્રેનો તા.૨૭/૦૨/૨૦૧૫નો પત્ર નં. ટીપીડી/આર.ટી.આઇ/આ/પ્ર.અપીલ/૫૮.

(૬) અત્રેનો તા.૦૭/૦૩/૨૦૧૫નો પત્ર નં. ટીપીડી/આર.ટી.આઇ/આ/પ્ર.અપીલ/૬૮.

અરજદારશ્રી આર.બી. મેદપરા ધ્વારા આર. ટી. આઈ. હેઠળ તા.૨૯/૧૨/૨૦૧૪ના રોજથી આઇ.ડી.નં. ૨૧૮૮ થી કરવામાં આવેલ માહિતી પુરી પાડવા અંગેની અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા સંદર્ભ (૧) હેઠળના પત્રોથી ડેપ્યુટી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગ તથા ડેપ્યુટી ઈજનેર, સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરના સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજદારની અરજીના મુદ્દા નં. (૧) થી (૫) ની માહિતી આપવા ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ.

ઉકત બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ડી) મીના એમ. ગજ્જર ધ્વારા અરજદારની અરજીના મુદ્દા નં. (૧) થી (૩) તથા (૫) અન્વયેની માહિતી પાઠવતો પ્રત્યુતર પાઠવેલ, તેમજ મુદ્દા નં. (૪) થી અરજદારને માહિતી અન્વયે જરૂરી ફી ભરપાઈ કર્યેથી / ફી ભરપાઈ કર્યા અંગેની જાણ કર્યેથી માહિતી પાઠવી શકાશે તે મુજબ સંદર્ભ (૩) હેઠળના પત્રથી નિયત સમય મર્યાદામાં જણાવવામાં આવેલ. જે પત્રની માહીતી/ જવાબની સામે નારાજગી દર્શાવી અરજદાર ધ્વારા તા.૧૬–૦૨–૨૦૧૫ ના રોજથી તા.૨૦–૦૧–૧૫ ના જવાબ સામે પ્રથમ અપીલ અરજી સુરત મહાનગરપાલિકાના સીટી સીવીક સેન્ટરમાં રજુ કરેલ. જે અપીલ અરજી સંદર્ભ (૪) હેઠળના પત્રથી તબદીલ થઈ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટી.પી.ડી./આર.ટી.આઈ./પ્રથમ અપીલ ઈન્વર્ડ નં. ૨૩, તા.૧૮/૦૨/૨૦૧૫ થી નોંધાયેલ.

ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારશ્રી આર. બી. મેંદપરા તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી) મીના એમ. ગજજરને તા.૨૭/૦૨/૨૦૧૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર તારીખે અને સમયે અરજદારશ્રી હાજર ન રહેલ પરંતુ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ડી) હાજર રહી માહિતી આપ્યા અંગેની વિગતો જણાવેલ. અરજદાર હાજર ન રહયા હોય, અપીલ અધિકારી ધ્વારા વધુ એક તક આપી અરજદારશ્રી આર. બી. મેંદપરા તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી) ને તા.૧૨/૦૩/૨૦૧૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સમયે અને તારીખે અરજદાર તથા જાહેર માહિતી અધિકારી હાજર રહયા હતા, પરંતુ સદર તારીખના રોજ અપીલ અધિકારીશ્રી મીંટીગમાં વ્યસ્ત હોવાથી સુનાવણી થઈ શકે તેમ નહી હોવાથી અરજદારશ્રીને ટેલીફોનીક જાણ કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તા.૨૪–૦૩–૧૫ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે હાજર રહેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ડી) મીના ગજજર કચેરીના અન્ય કામે સુડા કચેરી, સુરત ખાતે મીટીંગમાં વ્યસ્ત હોય, તેઓ તરફથી સબંધિત મદદનીશ જાહેર માહિતી અધિકારી અને આસી. ઈજનેર ધર્મેશ પટેલ હાજર રહેલ હતા.

ઉપરોકત સુનાવણીમાં અરજદારશ્રીએ અપીલ અધિકારીશ્રી સમક્ષ હાજર રહી, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) મીના ગજજરના તા.૨૦–૦૧–૨૦૧૫ પત્રથી ટી. પી. સ્કીમ નં. ૮૬ માં અધિકારીઓના નામ સરનામા તથા ટી.પી.સ્કીમ નં. ૮૬ માં કપાત કોણ કરે છે જેની માહિતી મળેલ નહી હોવાથી તા.૨૦–૦૧–૨૦૧૫ હુકમ સામે તેઓએ અપીલ કરેલ હોય, જે બાબતે જરૂરી હુકમો કરવા રજુઆત કરેલ છે. જે સંદર્ભે મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીની અરજી સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ડી) ધ્વારા તા.૨૦–૦૧ –૨૦૧૫ ના રોજથી અરજીના મુદ્દા નં. (૧) "ટી. પી. સ્કીમ નં. ૮૬ સરસાણા, ભીમરાડ, ખજોદમાં કપાત કોણ કરે છે" તથા (૨) મુજબ "ટી. પી. ૮૬ માં કપાત કયા અધિકારીએ કરેલ છે." સદર બંને મુદ્દાઓમાં ટી.પી.સ્કીમ નં.૮૬ સરસાણા, ખજોદ, ભીમરાડની કોઈ પણ જમીનનો ઉલ્લેખ કરવામાં આવેલ નહિ હોવાનું તેમજ ટી. પી. સ્કીમ અંગેની કાર્યવાહી ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ તથા નિયમો–૧૯૭૯ ની જોગવાઈઓ અનુસાર કરવાની રહેતી હોય સદર અધિનિયમ અંતર્ગત સક્ષમ સત્તામંડળ (સુરત મહાનગરપાલિકા) એ ટી.પી. સ્કીમ બનાવતી વખતે કલમ–૪૦ થી ૪૮(૧) ની જોગવાઈઓને આધીન કાર્યવાહી કરવાની રહતી હોવાની તથા માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ હોવાની

તથા સ્કીમમાં સમાવિષ્ટ જમીનોની કપાત બાબતે કોઈ એક ચોકકસ અધિકારીશ્રી ધ્વારા નિર્ણય કરવામાં આવતો નહિ હોય, કાયદાની જોગવાઈ અનુસાર પ્રવર્તમાન નીતિનિયમો મુજબ કપાત કરવામાં આવતી હોવાની સ્પષ્ટતા કરેલ છે. મુદ્દા નં. (૩) તથા (૫) અન્વયે "કયા નોટીફીકેશનથી ટી.પી.સ્કીમ નં.૮૬ માં અધિકારી નિમવામાં આવેલ" જે અન્વયે અરજદારને ટી.પી. સ્કીમ અંગેની કાર્યવાહી સુરત મહાનગરપાલિકાના વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તા નગર નિયોજન સમિતીની મંજુરીને આધિન સ્કીમ તૈયાર કરવાની કામગીરી ટાઉન પ્લાનીંગ વિભાગ ધ્વારા કરવામાં આવતી હોવાની તથા સ્કીમ તૈયાર કરવા અધિકારી નિમવા બાબતે કોઈ નોટીફીકેશન બહાર પાડવા કાયદામાં જોગવાઈ નહી હોવાની સ્પષ્ટતા કરેલ છે. મુદ્દા નં. (૪) થી અરજદારને "સરસાણા ના બ્લોક નં.૧૨૭ થી ૧૪૫ માં કપાત બાબતેની માહિતી માટે એફ–ફોર્મની નકલના નિયમ મુજબ સ્થાયી સમિતિના ઠરાવ નં.૩૭૯/૦૮, તા.૦૭–૦૩–૨૦૦૮ થી નિયત થયા મુજબની નિયમાનુસારની ફી ભરવા સંદર્ભ (૩) હેઠળના પત્રથી જણાવેલ, પરંતુ અરજદારશ્રી ધ્વારા ફી ભરપાઈ કરવામાં આવેલ નહિ હોવાની તથા અરજદારશ્રી ધ્વારા માહિતી મેળવવામાં આવેલ નહિ હોવાની સ્પષ્ટતા કરેલ છે.ઉપરોકત તમામ વિગતો ધ્યાને લઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

અરજદારશ્રીએ માંગેલ માહિતી અન્વયે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટની કલમ–૪૦ થી ૪૮(૧) ની નકલ તેમજ ટી. પી. સ્કીમ નં. ૮૬ (સરસાણા–ભીમરાડ–ખજોદ)ની કામગીરી અંગેની માહિતી અન્વયે ટાઉન પ્લાનીંગ ખાતાના કચેરી હુકમની નકલ તથા તા.૨૦–૦૨–૧૫ ના પત્રના મુદ્દા નં. (૪) અન્વયેની એફ ફોર્મની નકલ / માહિતી નિયમાનુસાર અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ડી) મીના એમ. ગજજરને હુકમ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીઓ નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકાર ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**ટાઉન પ્લાનીંગખાતુ**

**અપીલ અરજી :** **તા.૧૮–૦૩–૨૦૧૫**
**અરજદાર :** **શ્રી વેલજીભાઈ લાધાભાઈ કયારા,**
**સામાવાળા :** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, જયદીપ એન. પરીખ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ–** **આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી વેલજીભાઈ લાધાભાઈ કયાડા ની તા.૧૫/૦૯/૨૦૧૪ અરજી આઈ.ડી.નં.૧૩૨૧ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભઃ–** (૧) આપશ્રીની ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૫/૦૧/૨૦૧૫ના રોજની અરજી. (આઈ.ડી.નં. ૧૧૬૧).
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી,પૂર્વ ઝોન (વરાછા) ના પત્ર નં. આર.ટી. આઈ.સેલ /૨૯૧, તા.૦૭/૦૨/૧૫
(૩) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૮૭૫, તા.૦૫–૦૩–૨૦૧૫.
(૪) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, પૂર્વ ઝોન (વરાછા) ના પત્ર નં. આર.ટી. આઈ.સેલ /૫૩૨, તા.૨૩/૦૩/૧૫થી પાઠવેલ આપશ્રીની અપીલ અરજી તા.૧૮–૦૩– ૧૫.
(૫) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/ય–અપીલ/૮૫, તા.૨૬–૦૩–૨૦૧૫.
(૬) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ –૦૪, તા.૧૬–૦૪–૨૦૧૫ .

અરજદાર શ્રી વેલજીભાઈ લાધાભાઈ કયાડા ધ્વારા સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી વરાછા ઝોન ઓફિસ, સુરત મહાનગરપાલિકા ખાતે કરવામાં આવેલ. સદરહુ અરજી ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી, પૂર્વ ઝોન ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી મુદ્દા નં ૨ની માહિતીનો જવાબ પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ(૪) હેઠળના પત્રથી નિયમોનુસાર ફી ભરવા જવાબ પાઠવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ સંદર્ભ(૪) હેઠળના પત્રથી અપીલ અરજી અત્રે મળેલ. જે મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ ઈ.નં. ૩૦, તા.૨૩–૦૩–૨૦૧૫ થી નોંધાયેલ. સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ(૫)હેઠળન ના પત્રથી શ્રી વેલજીભાઈ લાધાભાઈ કયાડા તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રીને તા.૦૧–૦૪–૨૦૧૫ના રોજ સવારે ૪ : ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદાર શ્રી વેલજીભાઈ લાધાભાઈ કયાડાને સદર તારીખ તથા સમયબાદ જાણ થયેલ હોવાનું જણાવતાં રૂબરૂ સુનાવણી શકય બનેલ નથી. જેથી સંદર્ભ(૬)હેઠળના પત્રથી શ્રી વેલજીભાઈ લાધાભાઈ કયાડા તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રીને તા.૧૮–૦૪–૨૦૧૫ના રોજ સાંજે ૪ : ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર

વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે સુનાવણીમાં અરજદારશ્રી શ્રી વેલજીભાઈ લાધાભાઈ કયાડા તથા જાહેર માહિતી અધિકારીશ્રી હાજર ન હોવાથી મદદનીશ માહિતી અધિકારીશ્રી અને આસી.ટાઉન પ્લાનરશ્રી હાજર રહેલ હતા. અરજદારશ્રી ધ્વારા તેમના ધ્વારા માંગવામાં આવેલ માહિતી માંગ્યા મુજબની ન હોવાની રૂબરૂમાં રજુઆત કરવામાં આવેલ તેમજ મદદનીશ માહિતી અધિકારીશ્રી દ્વારા અરજદારશ્રીની રાજય સરકાર દ્વારા મંજુર ટી.પી. સ્કીમ મુજબના પાર્ટ પ્લાનની માંગણી કરેલ હોય સરકારશ્રી દ્વારા ડ્રાફટ સ્કીમ મંજુર હોય ડ્રાફટ સ્કીમ મુજબના પાર્ટ પ્લાન મુજબના ફી ભરવા અંગે જણાવેલ.

–: હુકમ :–

"આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૧૬૧ અન્વયે અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાન કરેલ રજુઆત મુજબ તત્કાલીન જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રી કિરણ સુમરા ના તા.૦૫–૦૩–૨૦૧૫ ના રોજના પત્રથી નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીની અરજીમાં જણાવ્યા અનુસાર રાજય સરકારશ્રી ધ્વારા મંજુર ડ્રાફટ ટી.પી.સ્કીમ મુજબના પાર્ટ પ્લાન અન્વયે નિયમોનુસાર ફી ભરાવી જરૂરી રેકર્ડ અરજદારશ્રીને આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જે અન્વયે અરજદારશ્રીએ આપેલ માહિતીથી અસંતુષ્ટ થઈ સદર અપીલ કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા અરજદારશ્રીને તેમની અરજીમાં પ્રિલીમનરી ટી.પી.સ્કીમ મુજબના પાર્ટ પ્લાનની નકલ આપવા કરેલ માંગણી અંગે જાહેર માહિતી અધિકારીશ્રીએ અરજદારશ્રીને ટી.પી.સ્કીમનં ૧૧(પુણા)ને નામદાર સરકારશ્રી ધ્વારા તા. ૨૦–૦૨–૧૫ ના જાહેનામાથી પ્રિલીમનરી ટી.પી.સ્કીમ મજુંર થયેલ હોવાનું જણાવેલ તથા પ્રિલીમનરી ટી.પી.સ્કીમનો રેકર્ડ જે તે સમયે ટાઉન પ્લાનીંગ ખાતામાં પ્રાપ્ત થયેલ નહિ હોવાનું જણાવવામાં આવેલ.જે અન્વયે ટી.પી.સ્કીમનં ૧૧(પુણા)ના નામદાર સરકારશ્રી ના તા. ૨૦–૦૨–૧૫ ના પ્રિલીમનરી ટી.પી.સ્કીમની મંજુરીના જાહેનામાની નકલ આપવાની અરજદારશ્રીની રજુઆત અન્વયે સદર માહિતી દિન–૭માં અરજદારશ્રીને પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે."

આમ, ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧બીજો માળ,નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** **તા.૧૭–૦૩–૨૦૧૫**
**અરજદાર :** **શ્રી સુરેશ રણછોડભાઈ પટેલ,**
**સામાવાળા :** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, જયદીપ એન. પરીખ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી સુરેશ રણછોડભાઈ પટેલની તા.૨૨/૦૧/૨૦૧૫ અરજી આઈ.ડી.નં.૫૮ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ**–(૧) આપશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૨૨/૦૧/૨૦૧૫ના રોજની અરજી.(આઈ.ડી.નં. ૫૮).
(૨) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૭૫૪, તા.૩૦–૦૧–૨૦૧૫.
(૩) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૭૫૫, તા.૩૦–૦૧–૨૦૧૫.
(૪) આપશ્રીની અપીલ અરજી તા.૧૭–૦૩–૨૦૧૫.
(૫) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/ય–અપીલ/૮૨, તા.૨૦–૦૩–૨૦૧૫.
(૬) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ –૦૪, તા.૧૬–૦૪–૨૦૧૫ .

અરજદાર શ્રી સુરેશ રણછોડભાઈ પટેલ ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજી અન્વયે માંગવામાં આવેલ મુદ્દા નં ૨ ની માહિતી અંગે અત્રેથી સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, પૂર્વ ઝોન (વરાછા) ને આપશ્રીને માહિતી પાઠવવા માટે જણાવવામાં આવેલ અને મુદ્દા નં ૧,૩,૪ ની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ(૩) હેઠળના પત્રથી નિયમોનુસાર ફી ભરવા જવાબ પાઠવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ સંદર્ભ(૪) હેઠળના પત્રથી અપીલ અરજી અત્રે મળેલ. જે મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ ઈ.નં. ૨૯, તા.૧૭–૦૩–૨૦૧૫ થી નોંધાયેલ. સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી શ્રી સુરેશ રણછોડભાઈ પટેલ અથવા તેમના ધ્વારા નિયુકત પ્રતિનિધીને તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રીને તા.૨૫–૦૩–૨૦૧૫ના રોજ બપોરે ૪:૧૫ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ મૂળ અરજીની નકલ / રેકર્ડ/ દસ્તાવેજી પૂરાવા સહિત હાજર રહેવા જણાવેલ આવેલ. પરંતુ ઉપરોકત તારીખ/સમયે અરજદાર શ્રી સુરેશ રણછોડભાઈ પટેલ હાજર રહેલ નથી. જેથી સદર બાબતે ફેરસુનવણી માટેઅરજદાર શ્રી સુરેશ રણછોડભાઈ પટેલ અથવા તેમના ધ્વારા નિયુકત પ્રતિનિધીને તા.૧૮–૦૪–૨૦૧૫ના રોજ બપોરે ૪: ૦૦ કલાકે સૂનાવણી માટે અપીલ અધિકારી સમક્ષ મૂળ અરજીની નકલ / રેકર્ડ/ દસ્તાવેજી પૂરાવા સહિત હાજર રહેવા જણાવવામાં આવેલ. જે સુનાવણીમાં અરજદાર શ્રી સુરેશ રણછોડભાઈ પટાજર રહેલ હતા. અરજદારશ્રી ધ્વારા તેમના ધ્વારા માંગવામાં આવેલ માહિતી માંગ્યા મુજબની ન હોવાની રૂબરૂમાં

રજુઆત કરવામાં આવેલ તેમજ મદદનીશ માહિતી અધિકારીશ્રી દ્વારા અત્રે ઉપલબ્ધ રેકર્ડના આધારે માહિતી આપેલ હોવાનું જણાવેલ છે.

**: હુકમ :–**

"આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૫૮ અન્વયે અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાન કરેલ રજુઆત મુજબ તત્કાલીન જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રી કિરણ સુમરા ના તા.૩૦–૦૧–૨૦૧૫ ના રોજના પત્રથી નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીની અરજીમાં મુદ્દા નં ૩ ની  માહિતી અંગે જણાવ્યા અનુસાર નાનાવરાછા ગામ સુરત મહાનગરપાલિકામાં સમાવેશ કરવા સરકારશ્રી મહેસુલ વિભાગની હુકમ નકલ અરજદારશ્રીને આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જે અન્વયે અરજદારશ્રીએ આપેલ માહિતીથી અસંતુષ્ટ થઈ સદર અપીલ કરવામાં આવેલ છે. જે અન્વયે ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા  અરજદારશ્રી ધ્વારા અરજીમાં મુદ્દા નં ૧ અન્વયે નાનાવરાછા ગામ સુરત મહાનગરપાલિકામાં સમાવેશ કરવા સરકારશ્રી મહેસુલ વિભાગના હુકમ નકલ ની તથા મુદ્દા નં ૩ અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૨૨ની પેટા કલમ(૧) અન્વયે રચાયેલ સુરત વિકાસ સત્તા મંડળે તેના તા.૨૭–૦૧–૮૪નાં ઠરાવ નં. ૬૨૬(૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ટાઉન પ્લાનીંગ સ્કીમો (નગર રચના યોજનાઓ) બનાવવા માટે એપ્રોપ્રીયેટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે તે ઠરાવની નકલ તથા મુદ્દા નં ૪ અન્વયે નાના વરાછા ગામની નગર રચના યોજના હેઠળની કાર્યવાહી પુર્ણ કરવામાં નગર રચના વિભાગના કયા કયા હોદ્દેદારોએ ફરજ બજાવેલ તેની માહિતી આપવા કરેલ માંગણી અંગે ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા અરજદારશ્રીને મુદ્દા નં ૧ અન્વયે હુકમની નકલ તથા મુદ્દા નં ૩ અન્વયે ઠરાવની નકલ આપવાની તથા મુદ્દા નં ૪ અન્વયે નગર રચના વિભાગના ફરજ બજાવેલ કર્મચારી /અધિકારીઓની માહિતી આપવા અરજદારશ્રીની રજુઆત અન્વયે સદર માહિતી દિન–૭માં અરજદારશ્રીને પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે."

આમ, ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી : તા.૨૦–૦૧–૨૦૧૫**
**અરજદારઃ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (બી), ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** સાર્વજનિક એજયુકેશન સોસાયટીને ફાળવવામાં આવેલ જમીન બાબતેની વિગતો/માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ–** (૧) રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ ૨૦૦૫ હેઠળની અરજદારશ્રીની તા.૧૯/૦૧/૨૦૧૫ ના રોજની અરજી આઈ.ડી. નં.૬૯૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૮૧૮, તા.૧૮/૦૨/૨૦૧૫.
(૩) અરજદારશ્રીની તા.૧૯/૦૧/૨૦૧૫ ની પ્રથમ અપીલ અરજી.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૬૬ (I), તા.૨૭/૦૨/૨૦૧૫.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૭૬ (I), તા.૧૩/૦૩/૨૦૧૫.

ઉપરોકત વિષયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજીથી આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ વિગતો/માહિતી માંગવામાં આવેલ છે. જે અરજીના મુદ્દા નં.(૧) થી (૬) અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (બી) એ. એમ. ગઢવી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી એમ.ટી.બી. કોલેજ તથા વી.ટી.ચોકસી લો કોલેજવાળી જમીન સુરત મહાનગરપાલિકાએ સાર્વજનિક એજયુકેશન સોસાયટીને ફાળવેલ નહી હોવાની તથા સાર્વજનિક એજયુકેશન સોસાયટીને ફાળવવામાં આવેલ જમીન બાબતે અધિકારીના નામની વિગતો આપવા કરેલ રજુઆત માહિતીની વ્યાખ્યા/ફલકમાં આવતી ન હોય, તે વિગતો આપવાની રહેતી નહી હોવાની તેમજ સાર્વજનિક એજયુકેશનને ફાળવવામાં આવેલ ટી.પી.સ્કીમ નં.૫ (અઠવા–ઉમરા) ના ફા.પ્લોટ નં.એમ–૨ વાળી જમીનના ભાડાપટો રીન્યુ કરવા બાબતે સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભાના નિર્ણય અર્થે દરખાસ્ત રજુ કરવામાં આવેલ હોય, જે દરખાસ્તવાળી મૂળ ફાઈલ ટાઉન પ્લાનીંગ ખાતામાં પરત મળેલ ન હોય/હાલમાં ઉપલબ્ધ ન હોય, જે ફાઈલ પરત આવ્યેથી માંગેલ માહિતી પૈકીની માહિતીની વ્યાખ્યા/ફલકમાં આવતી માહિતી અરજદારશ્રીને પુરી પાડી શકાશે. તે મુજબ માહિતી/પ્રત્યુત્તર પાઠવેલ છે.

અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (બી) ૩૦ દિવસની સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં નિષ્ફળ રહેલ હોવાનું તથા આર.ટી.આઈ એકટ–૨૦૦૫ ના નમુના–ક નો ભંગ–અવમાન અને અપમાન કરેલ હોવાની રજુઆત કરી અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલના અનુસંધાને અરજદારશ્રી તથા સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (બી) એ. એમ. ગઢવી ને સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૦૫/૦૩/૨૦૧૫ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રૂબરૂ રજુઆત/સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદાર સુનાવણીમાં હાજર રહેલ નથી કે આ બાબતે વધુ કોઈ લેખીત ખુલાસો/રજુઆત રજુ કરેલ નથી. સુનાવણીમાં હાજર રહેલ સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (બી) એ. એમ. ગઢવી ધ્વારા કરવામાં આવેલ રજુઆત મુજબ અરજદારશ્રીની માહિતી માંગતી તા.૧૯/૦૧/૨૦૧૫ ના રોજની અરજીના મુદ્દા નં. (૧) થી (૬) માંગેલ માહિતી અન્વયે તેઓશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી એમ.ટી.બી. કોલેજ તથા વી.ટી.ચોકસી લો કોલેજવાળી જમીન સુરત મહાનગરપાલિકાએ સાર્વજનિક એજયુકેશન સોસાયટીને ફાળવેલ નહી હોવાની તથા સાર્વજનિક એજયુકેશન સોસાયટીને ફાળવવામાં આવેલ જમીન બાબતે અધિકારીના નામની વિગતો આપવા કરેલ રજુઆત માહિતીની વ્યાખ્યા/ફલકમાં આવતી ન હોય, તે વિગતો આપવાની રહેતી નહી હોવાની તેમજ સાર્વજનિક એજયુકેશનને ફાળવવામાં આવેલ ટી.પી.સ્કીમ નં.૫ (અઠવા–ઉમરા) ના ફા.પ્લોટ નં.એમ–૨ વાળી જમીનના ભાડાપટો રીન્યુ કરવા બાબતે સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભાના નિર્ણય અર્થે દરખાસ્ત રજુ કરવામાં આવેલ હોય, જે દરખાસ્તવાળી મૂળ ફાઈલ ટાઉન પ્લાનીંગ ખાતામાં પરત મળેલ ન હોય/હાલમાં ઉપલબ્ધ ન હોય, જે ફાઈલ પરત આવ્યેથી માંગેલ માહિતી પૈકીની માહિતીની વ્યાખ્યા/ફલકમાં આવતી માહિતી અરજદારશ્રીને પુરી પાડી શકાશે. તે મુજબ માહિતી/પ્રત્યુત્તર પાઠવેલ છે.

અરજદારશ્રી તા.૦૫/૦૩/૨૦૧૫ ના રોજની સુનાવણીમાં હાજર રહેલ ન હોવાથી સંદર્ભ (૫) હેઠળના પત્રથી સુનાવણી માટે ફરીથી તા.૧૮/૦૩/૨૦૧૫ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે સુનાવણીમાં પણ અરજદારશ્રી હાજર રહેલ નથી તેમજ આ બાબતે વધુ કોઈ લેખીત રજુઆત/ખુલાસો રજુ કરેલ નથી.

અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી અન્વયે ઉપરોકત હકીકત ધ્યાને લઈ નીચેની વિગતોએ આથી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૧) હેઠળની આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજીના મુદ્દા નં.(૧) થી (૬) અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (બી) એ. એમ. ગઢવી ધ્વારા સંપૂર્ણ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ નથી. જે ધ્યાને લઈ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની વિગતો/માહિતી દિન–૭ માં વિનામુલ્યે અરજદારશ્રીને પુરી પાડવા તથા અરજદારશ્રીને સદર માહિતી/પ્રત્યુત્તરથી સંતોષ

ન થાય અને અરજદારશ્રી રેકર્ડ નિરીક્ષણ માટે માંગણી કરે તો તેઓને વિનામુલ્યે રેકર્ડ નિરીક્ષણ માટેનો પ્રબંધ કરી જે અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગણી કરવામાં આવે તે મુજબની નકલ/માહિતી આપવા તથા આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ ની જોગવાઈઓ હેઠળ અરજદારશ્રીની નિયત સમયમર્યાદામાં સંપૂર્ણ માહિતી મળે તે સુનિશ્ચિત કરવા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (બી) એ. એમ. ગઢવીને ખાસ તકેદારી રાખવા આથી હુકમ કરવામાં આવે છે. આમ, સદર અપીલ અરજીનો નિકાલ/આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**ટાઉન પ્લાનીંગ ખાતુ**

**અપીલ અરજી : તા.૧૮–૦૪–૨૦૧૫**

**અરજદાર : શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ,**
**સામાવાળા : (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, જયદીપ એન. પરીખ,**
**(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, અશોક એમ. ગઢવી, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકત:**

**વિષય:–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટની તા.૦૭–૦૩–૨૦૧૫ અરજી આઈ.ડી.નં.૮૬૪ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ:–** (૧) અરજદારશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૭–૦૩–૨૦૧૫ ના રોજની અરજી.(આઈ.ડી.નં.૮૬૪).
(૨) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૯૨૯, તા.૨૦–૦૩–૨૦૧૫ તથા પત્ર નં.ટીપીડી/૯૧૧, તા.૧૬–૦૩–૨૦૧૫
(૩) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૮૯૫, તા.૧૨–૦૩–૨૦૧૫.
(૪) અરજદારશ્રીની અપીલ અરજી તા.૧૮–૦૪–૨૦૧૫.
(૫) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/ય–અપીલ/૦૫, તા.૨૨–૦૪–૨૦૧૫.
(૬) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ –૦૭, તા.૨૭–૦૪–૨૦૧૫ .

- **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજી અન્વયે માંગવામાં આવેલ માહિતી અન્વયેના તમામ મુદ્દાઓ અન્વયેની માહિતી ટાઉન પ્લાનીંગ ખાતાના કાર્યક્ષેત્રને લાગતા ન હોય તથા સદર તમામ મુદ્દાઓ સેન્ટ્રલ ઝોન કચેરીને સ્પર્શતા હોય, સામાવાળા (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી જયદીપ એન. પરીખ ધ્વારા સંદર્ભે (૨) હેઠળનાં પત્રોથી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) ને તમામ મુદ્દા અન્વયે અરજદારશ્રીને માહિતી આપવા અરજદારશ્રીની અરજી તબદીલ કરેલ તથા અરજદારશ્રી ધ્વારા માંગ્યા મુજબની વિગતો ટાઉન પ્લાનીંગ વિભાગના અધિકાર/કાર્યક્ષેત્ર હેઠળ આવતી ન હોય, સંદર્ભ (૧) હેઠળની અરજી અન્વયે કોઈ માહિતી આપવાની રહેતી ન હોવા બાબતનો જવાબ સામાવાળા (૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી અશોક એમ. ગઢવી ધ્વારા સંદર્ભે (૩) હેઠળનાં પત્રથી અરજદારને પાઠવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળથી અપીલ અરજી અત્રે મળેલ. જે મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ ઈ.નં. ૦૧, તા.૧૮–૦૪–૨૦૧૫ થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ અથવા તેમના ધ્વારા નિયુકત પ્રતિનિધીને તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી

ટાઉન પ્લાનરશ્રીને તા.૨૪–૦૪–૨૦૧૫ના રોજ બપોરે ૪:૧૫ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ મૂળ અરજીની નકલ / રેકર્ડ/ દસ્તાવેજી પૂરાવા સહિત હાજર રહેવા જણાવેલ. ઉપરોકત તારીખ / સમયે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ હાજર રહેલ. પરંતુ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી અન્ય અગત્યની મીટીંગમાં વ્યસ્ત હોવાને કારણે સુનવણી શકય બનેલ નહિ. આથી સદર બાબતે ફેર સુનાવણી માટે માટેઅરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ અથવા તેમના ધ્વારા નિયુકત પ્રતિનિધીને તા.૦૫–૦૫–૨૦૧૫ના રોજ સાંજે ૪: ૦૦ કલાકે સૂનાવણી માટે અપીલ અધિકારી સમક્ષ મૂળ અરજીની નકલ / રેકર્ડ/ દસ્તાવેજી પૂરાવા સહિત હાજર રહેવા જણાવવામાં આવેલ. જે સુનાવણીમાં અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ હાજર ન રહેલ. સુનાવણીમાં હાજર રહેલ સામાવાળા (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી જયદીપ એન. પરીખ ધ્વારા જણાવવામાં આવ્યા મુજબ અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ વિભાગને લગતી ન હોય સેન્ટ્રલ ઝોન કચેરીને સ્પર્શતી હોવાનું જણાવેલ તથા સામાવાળા (૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી અશોક એમ. ગઢવી ધ્વારા જણાવ્યા મુજબ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ વિગતો ગેરકાયદેસર બાંધકામને લગતી હોય, ટાઉન પ્લાનીંગ ખાતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી ન હોવાથી, અરજદારશ્રીને ટાઉન પ્લાનીંગ ખાતામાંથી કોઈ વિગતો પુરી પાડવાની રહેતી ન હોવાનું તથા અરજદારશ્રીની સંદર્ભ (૧) હેઠળની મધ્યસ્થ કચેરી મારફત તા.૦૭/૦૩/૨૦૧૫ ના રોજથી નાયબ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીશ્રી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ પ્રતિ પણ તબદીલ કરવામાં આવેલ હોય તેમજ અરજદારશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગ ધ્વારા મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ/નોર્થ ઝોન કચેરીને તબદીલ કરવામાં આવેલ ન હોવાનું જણાવવામાં આવેલ છે.

–: <u>હુકમ</u> :–

ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં "આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૮૬૪ થી માંગેલ માહિતી અન્વયે સામાવાળા (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી જયદીપ એન. પરીખ ધ્વારા જણાવવામાં આવ્યા મુજબ અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ વિભાગને લગતી ન હોય સેન્ટ્રલ ઝોન કચેરીને સ્પર્શતી હોવાનું જણાવેલ તથા સામાવાળા (૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી અશોક એમ. ગઢવી ધ્વારા જણાવ્યા મુજબ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ વિગતો ટાઉન પ્લાનીંગ ખાતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી ન હોવાથી, અરજદારશ્રીને ટાઉન પ્લાનીંગ ખાતામાંથી કોઈ વિગતો પુરી પાડવાની રહેતી ન હોવાનું તથા અરજદારશ્રીની સંદર્ભ (૧) હેઠળની બાંધકામની કાયદેસરતાની વિગતો માંગતી અરજી મધ્યસ્થ કચેરી મારફત તા.૦૭/૦૩/૨૦૧૫ ના રોજથી નાયબ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીશ્રી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ પ્રતિ પણ તબદીલ કરવામાં આવેલ જ હોવાથી ટાઉન પ્લાનીંગ ખાતા ધ્વારા સદર અરજી ફરીથી શહેર વિકાસ વિભાગ/નોર્થ ઝોનને તબદીલ કરવાની

જરૂરીયાત નહી હોવાથી અરજદારશ્રીની મૂળ અરજી તેઓ ધ્વારા મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ/નોર્થ ઝોન કચેરીને તબદીલ કરવામાં આવેલ ન હોવાની સ્પષ્ટતા કરેલ છે.

ઉપરોકત બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (ઈ) શ્રી જયદીપ એન. પરીખ ધ્વારા અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી સેન્ટ્રલ ઝોન વિસ્તારમાંના ગેરકાયદેસર બાંધકામ બાબતની હોય, જે ટાઉન પ્લાનીંગ વિભાગને લાગુ પડતી ન હોય તથા સેન્ટ્રલ ઝોન કચેરીને સ્પર્શતી હોય જે અરજી સંપૂર્ણપણે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોનને તબદીલ કરવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લેતાં અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (ઈ) શ્રી જયદીપ એન. પરીખને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (બી) શ્રી એ. એમ. ગઢવી ધ્વારા અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી ગેરકાયદેસર બાંધકામ બાબતની હોય, ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી કોઈ માહિતી પૂરી પાડવાની રહેતી ન હોવાનું તથા મધ્યસ્થ કચેરી ધ્વારા અરજદારશ્રીની અરજી મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને પણ તબદીલ કરવામાં આવેલ હોવાથી સદર અરજી ફરીથી શહેર વિકાસ વિભાગ/નોર્થ ઝોનને તબદીલ કરવાની જરૂરીયાત નહી હોવાથી ટાઉન પ્લાનીંગ વિભાગ ધ્વારા મધ્યસ્થ શહેર વિકાસ/નોર્થ ઝોન કચેરીને તબદીલ કરવામાં આવેલ ન હોવાની રજુઆત/સ્પષ્ટતા કરેલ છે, જે ધ્યાને લેતાં અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(બી) શ્રી એ. એમ. ગઢવીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

આમ, ઉપર મુજબ હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી : તા.૨૪–૦૪–૨૦૧૫**
**અરજદાર : શ્રી સુરેન્દ્રસિંહ પી. સેન**
**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (બી), ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકત:**

**વિષય:–** ટાઉન પ્લાનીંગ સ્કીમની અસરમાં આવેલા કબ્જેદારો તથા હોલ્ડરદારની પ્રોપર્ટી જે ૪ થી ૫ વર્ષ જુની હોય છે અને તે પ્રોપર્ટીનો મિલ્કત વેરો ભરાતો હોય છે, એ પ્રોપર્ટીના કબ્જેદારો તથા હોલ્ડરોને વૈકલ્પિક જગ્યા ફાળવ્યા વગર કયા કાયદા તથા નિયમ પ્રમાણે હટાવી શકાય છે એની વિગત આપવા બાબત.

**સંદર્ભ:–** (૧) રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ ૨૦૦૫ હેઠળની અરજદારશ્રીની તા.૨૦/૦૨/૨૦૧૫ ના રોજની અરજી આઈ.ડી. નં.૨૭૦૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૯૪૯, તા.૩૦/૦૩/૨૦૧૫.
(૩) અરજદારશ્રીની તા.૨૪/૦૪/૨૦૧૫ ની પ્રથમ અપીલ અરજી.
(૪) અપીલ અધિકારી અને નગર નિયોજક શહેર વિકાસ ખાતાનો પત્ર નં.ટીડીઓ/અપીલ/૫૭, તા.૦૨/૦૫/૨૦૧૫.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૧૦ (I), તા.૧૧/૦૫/૨૦૧૫.

- **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદાર શ્રી સુરેન્દ્રસિંહ પી. સેન ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજીથી માહિતી માંગવમાં આવેલ. જે અન્વયે સામાવાળા (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવી ધ્વારા સંદર્ભ (૨) હેઠળનાં પત્રથી અરજદારને તેમના ધ્વારા માંગવામાં આવેલ માહિતી પ્રશ્નોત્તરી સ્વરૂપે હોય, માહિતી આપવાની રહેતી નથી. તે મુજબનો જવાબ પાઠવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ સંદર્ભ (૩) હેઠળથી અપીલ અરજી અપીલ અધિકારી અને નગર નિયોજક શહેર વિકાસ ખાતા ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી ટાઉન પ્લાનીંગ ખાતામાં મોકલાવેલ. જે મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ ઈ.નં. ૦૫ (I), તા.૦૫–૦૫–૨૦૧૫ થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી શ્રી સુરેન્દ્રસિંહ પી. સેન અથવા તેમના ધ્વારા નિયુકત પ્રતિનિધીને તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીને તા.૧૪–૦૫–૨૦૧૫ ના રોજ બપોરે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ મૂળ અરજીની નકલ / રેકર્ડ/ દસ્તાવેજી પૂરાવા સહિત હાજર રહેવા જણાવેલ. ઉપરોકત તારીખ / સમયે અરજદારશ્રી સુરેન્દ્રસિંહ પી. સેન હાજર રહેલ નહી, પરંતુ તા.૧૫/૦૫/૨૦૧૫ ના રોજ બપોરે ૪:૦૦ કલાકે

અરજદારશ્રી ઉપસ્થિત રહેલ. જે સુનાવણીમાં અરજદાર શ્રી સુરેન્દ્રસિંહ પી. સેન ધ્વારા તેમની રજુઆત મુજબ ટાઉન પ્લાનીંગ સ્કીમની અસરમાં આવેલા કબ્જેદારો તથા હોલ્ડરદારની પ્રોપર્ટી જે ૪ થી ૫ વર્ષ જુની હોય છે અને તે પ્રોપર્ટીનો મિલ્કત વેરો ભરાતો હોય છે, એ પ્રોપર્ટીના કબ્જેદારો તથા હોલ્ડરોને વૈકલ્પિક જગ્યા ફાળવ્યા વગર કયા કાયદા તથા નિયમ પ્રમાણે હટાવી શકાય છે એનો જવાબ આપવા રજુઆત કરેલ. સુનાવણીમાં હાજર રહેલ સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી અશોક એમ. ગઢવી ધ્વારા જણાવ્યા મુજબ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પ્રશ્નોત્તરી સ્વરૂપે હોય અને માહિતીની વ્યાખ્યાના ફલકમાં આવતી ન હોય, અરજદારને માહિતી પાઠવવાની રહેતી નથી. તે મુજબ અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

**–: <u>હુકમ</u> :–**

ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં "આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં. ૨૭૦૮ થી માંગેલ માહિતી અન્વયે સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી અશોક એમ. ગઢવી ધ્વારા જણાવ્યા મુજબ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ વિગતો પ્રશ્નોત્તરી સ્વરૂપે હોય અને માહિતીની વ્યાખ્યાના ફલકમાં આવતી ન હોય, અરજદારને માહિતી પાઠવવાની રહેતી ન હોવાની સ્પષ્ટતા કરેલ છે, જે અન્વયે આર.ટી.આઈ એકટનું અરજદારશ્રીને જરૂરી માહિતી મળી રહે તે મુળ હાર્દ જળવાય રહે તે શુભ હેતુથી અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (બી) શ્રી એ. એમ. ગઢવીને અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી "ટાઉન પ્લાનીંગ સ્કીમની અસરમાં આવેલા કબ્જેદારો તથા હોલ્ડરોની પ્રોપર્ટી જે ૪–૫ વર્ષ જુની હોય છે અને તે પ્રોપર્ટીનો મિલ્કતવેરો ભરાતો હોય છે. તે પ્રોપર્ટીના કબ્જેદારો તથા હોલ્ડરોને વૈકલ્પિક જગ્યા ફાળવ્યા વગર કયા કાયદા તથા નિયમ પ્રમાણે હટાવી શકાય છે ?" અન્વયે આ અંગેના સંબંધિત કાયદા/નિયમની જાણકારી/માહિતી અરજદારશ્રીને વિનામુલ્યે દિન–૦૭ માં અરજદારશ્રીને આપવા હુકમ કરવામાં આવે છે.

આમ, ઉપર મુજબ હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અરજી :** તા.૧૭–૦૭–૧૫

**અરજદાર :** શ્રી મહમદ ઉમરજીવલી અફીણવાલા

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી), વિપુલ એસ.ગણેશવાલા ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષય :** આર.ટી.આઇ એકટ હેઠળ શ્રી **મહમદ ઉમરજીવલી અફીણવાલાની** તા.૦૬–૦૫–૨૦૧૫ના રોજની અરજી આઇ.ડી.નં.૩૦૨ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :** (૧) આપશ્રીની રાઇટ–ટુ–ઇર્ન્ફોમેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૬–૦૫–૨૦૧૫ના રોજની અરજી આઇ.ડી.નં.૩૦૨.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાનો તા.૧૨–૦૫–૨૦૧૫નો પત્ર ક્રમાંકઃસે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૫૯૧.

(૩) અત્રેની કચેરીનો તા.૧૫–૦૫–૨૦૧૫નો પત્ર નં.ટીપીડી/૧૨૬–આર.ટી.આઇ

(૪) અત્રેની કચેરીનો તા.૧૮–૦૫–૧૫નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઇ/૧૩૩.

(૫) આપશ્રીની અપીલ અરજી તા.૧૧–૦૭–૨૦૧૫.

(૬) અત્રેનો પત્ર નં. ટીપીડી/આર.ટી.આઈ./આ/૨૧, તા.૨૪–૦૭–૨૦૧૫.

અરજદારશ્રી મહમદ ઉમરજીવલી અફીણવાલા ધ્વારા સંદર્ભ (૧)હેઠળની માહિતી માંગતી અરજી મ્યુનિસીપલ કમિશનરશ્રીની કચેરી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ. સંદર્ભ (૧) હેઠળની સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૨–૦૫–૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૫૯૧થી અત્રેની કચેરીએ તા.૧૨–૦૫–૨૦૧૫ના રોજ ઈ.નં.૫૯ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(જી), શ્રી વિપુલ એસ. ગણેશવાલાને પ્રાપ્ત થયેલ.

જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(જી), શ્રી વિપુલ એસ.ગણેશવાલા ધ્વારા સદર અરજીથી મુદ્દા નં. (૧) અને (૨) થી માંગવામાં આવેલ માહિતી સેક્રેટરી બ્રાંચ, સુરત મહાનગરપાલિકાના કાર્યક્ષેત્ર હેઠળની જણાતા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી (ખાસ સમિતિ) સેક્રેટરી બ્રાંચ, સુરત મહાનગરપાલિકાને તેઓના કાર્યક્ષેત્ર હેઠળની માહિતી પાઠવવા ઉકત સંદર્ભ (૩) હેઠળના પત્રથી તબદીલ કરવામાં આવેલ છે તથા મુદ્દા નં. (૩) થી માંગવામાં આવેલ માહિતીનો અભ્યાસ કરતા અરજદારશ્રી ધ્વારા કોઈ માહિતી આપવાનું હોવાનું ન જણાતા અત્રેથી કોઈ માહિતી પાઠવવાની રહેતી નથી તે મુજબ તેઓશ્રીને ઉકત સંદર્ભ (૪) હેઠળના પત્રથી જણાવવામાં આવેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારશ્રીએ સંદર્ભ (૫) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ છે. જે ટાઉન પ્લાનીંગ વિભાગમાં ઈ.નં. ટીપીડી/૩૫૭૫, તા.૧૭–૦૭–૨૦૧૫ થી નોંધવામાં આવેલ છે.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના તા.૨૪–૦૭–૨૦૧૫ના પત્રથી અરજદારશ્રી મહમદ ઉમરજીવલી અફીણવાલા તથા ડે.ટાઉન પ્લાનર(જી), શ્રી વિપુલ એસ. ગણેશવાલાને તા.૦૧–૦૮–૨૦૧૫ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી મહમદ ઉમરજીવલી અફીણવાલા હાજર રહેલ. જેમાં અરજદારશ્રીને તેઓની અરજીના મુદ્દા નં. (૩) બાબતે કોઈ સ્પષ્ટ માહિતી માંગવામાં આવેલ ન હોવા બાબતે સમજ આપવામાં આવેલ છે/ માહિતગાર કરવામાં આવેલ છે. વધુમાં, અરજદારશ્રી ઈચ્છે તો આ બાબતે ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનુ નિરિક્ષણ આપવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી વિપુલ એસ.ગણેશવાલા ધ્વારા પ્રસ્તાવ કરવામાં આવેલ છે. જેનાથી અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરેલ છે.

**–:હુકમ:–**

આર.ટી.આઇ એકટના નમુના–ઘ ની અરજી આઇ.ડી.નં.૩૦૨, તા.૦૭–૦૫–૨૦૧૫ અન્વયે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ તા.૧૧–૦૭–૨૦૧૫ ના રોજની પ્રથમ અપીલ બાબતમાં રૂબરૂ સુનાવણી માટે તા.૦૧–૦૮–૨૦૧૫ ના રોજ નિયત કરવામાં આવેલ સમયે અરજદારશ્રી મહમદ ઉમરજીવલી અફીણવાલા હાજર રહેલ. જેમાં અરજદારશ્રીને તેઓની અરજીના મુદ્દા નં. (૩) બાબતે કોઈ સ્પષ્ટ માહિતી માંગવામાં આવેલ ન હોવા બાબતે સ્પષ્ટ સમજ આપવામાં આવેલ છે તથા વધુમાં, અરજદારશ્રી ઈચ્છે તો આ બાબતે ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનુ નિરિક્ષણ આપવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી વિપુલ એસ.ગણેશવાલા ધ્વારા પ્રસ્તાવ કરવામાં આવેલ છે. જેનાથી અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરેલ છે. જે ધ્યાને લેતાં, અરજદારશ્રી ઈચ્છે તો તેઓને ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપરોકત રેકર્ડનું નિયામાનુસાર નિરિક્ષણ આપવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી વિપુલ એસ.ગણેશવાલાને હુકમ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ, સેકટર નં. ૧૦/એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :–તા.૦૫–૦૮–૨૦૧૫,**

**અરજદારશ્રી :– શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલા**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટની તા.૦૨–૦૭–૨૦૧૫ ની આઈ.ડી નં.૭૮૦ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :–** (૧)અરજદારશ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટની તા. ૦૨/૦૭/૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં. ૭૮૦ થી કરેલ.

(૨) અરજદારશ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટની ધ્વારા સુરત મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ કચેરીમાં નમુનો 'જ' થી તા.૦૫/૦૮/૧૫ થી કરેલ અપીલ અરજી ઉકત કચેરીમાં નં.ટીપીડી/ ઈનવર્ડ નં.૧૭ થી નોંધણી કરેલ.

(૩)અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૦/૦૮/૨૦૧૫ ના ટીપીડી/ આરટીઆઈ/આ/ પ્રથમ અપીલ નં.૨૪ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા લખેલ પત્ર.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટની સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સુરત મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરીમાં આઈ.ડી. નં.૭૮૦, તા.૦૨/૦૭/૧૫ થી કરેલ. અરજદારશ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ ધ્વારા સંદર્ભ (૨) મુજબ તા.૦૫/૦૮/૧૫ થી સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ કચેરીમાં નમુના–'જ' પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. ઉકત અરજી તા.૦૫/૦૮/૧૫ ના રોજ ટીપીડી/૨૪ થી નોંધવામાં આવેલ. અરજદારની ઉકત અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલાને સંદર્ભ (૩) હેઠળના તા.૧૦/૦૮/૧૫ ના રોજ ના પત્ર થી સદર કામે રૂબરૂ સુનાવણી માટે તા.૧૪/૦૮/૨૦૧૫ ના રોજ હાજર રહેવા જાણ કરેલ. જે મુજબની સુનાવણીની તા.૧૪/૦૮/૧૫ ના રોજ અરજદાર મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ એ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર થઈ નિયત સમય મર્યાદામાં માહિતી પ્રાપ્ત થયેલ ન હોય, વિના મૂલ્યે પાઠવવાની રહેતી હોવાની તથા મુદ્દા નં. ૬ અન્વયે માહિતી પાઠવેલ નહિ હોવાની રજુઆત કરેલ. જે સંદર્ભે સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી બંગલાવાલા ધ્વારા અરજદારશ્રી ધ્વારા માહિતી માંગતી ટાઉન પ્લાનીંગ ખાતામાં પ્રાપ્ત થયેલ અરજી સંદર્ભે નિયત સમય મર્યાદામાં નિયત ફી જમા કરાવવા જણાવવામાં આવેલ છે તથા મુદ્દા નં. ૬ અન્વયે માગેલ માહિતી રેકર્ડ આધારિત ન હોય, પાઠવી શકાય તેમ નહિ હોવાની/

પાઠવવાની રહેતી નહિ હોવા બાબતે સમજણ આપવામાં આવેલ. અરજદારશ્રીની રજુઆત મુજબ ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ આર.ટી.આઈ હેઠળ માંગેલ માહિતી વિનામૂલ્યે આપવા પ્રસ્તાવના કરેલ. જે ધ્યાને લેતાં અરજદારશ્રીની અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છું.

–: હુકમ ::–

માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટની તા.૦૨–૦૭–૧૫ ની અરજી સંદર્ભે નિયત સમય મર્યાદામાં માહિતી મળેલ ન હોય, વિનામૂલ્યે માહિતી પાઠવવાની રહેતી હોય તથા મુદ્દા નં. ૬ અન્વયેની માહિતી મળેલ ન હોય, નારાજ થઈ તા.૦૫/૦૮/૧૫ ના રોજ અપીલ કરેલ. અરજદારની ઉકત અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારને તા.૧૪/૦૮/૧૫ ના રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહી રજુઆત કરવાની જાણ કરવામાં આવેલ. જે અન્વયે તા.૧૪/૦૮/૧૫ ના રોજ હાજર રહી અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ રજુઆત ધ્યાને લઈ અરજદારશ્રીને ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ અરજદારશ્રી ધ્વારા જે નકલો માંગવામાં આવેલ તે વિનામુલ્યે પુરી પાડવા માટે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલાને હુકમ કરવામાં આવે છે.

આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી નો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ ૧૯(૧) અન્વયે આ હુકમ થયાના ૯૦ (નેવુ) દિવસમાં ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧બીજો માળ,નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી : તા.૧૧–૦૫–૨૦૧૫**

**અરજદાર : શ્રી નરેશભાઈ એન બથવાર,**
**સામાવાળા : (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, અશોક એમ. ગઢવી, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન બથવારની તા.૦૮–૦૪–૨૦૧૫ અરજી આઈ.ડી.નં.૨૦ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧) અરજદારશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૮–૦૪–૨૦૧૫ ના રોજની અરજી.(આઈ.ડી.નં.૨૦).
(૨) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૨, તા.૧૭–૦૪–૨૦૧૫
(૩) અરજદારશ્રીની અપીલ અરજી તા.૧૧–૦૫–૨૦૧૫.
(૪) રાજય માહિતી કમિશ્નરશ્રી ,ગુજરાત માહિતી આયોગ ,ગાંધીનગરની અપીલ –અ–૪૭૧૪–૨૦૧૫ નો હુકમ તા.૦૩–૦૯–૨૦૧૫.
(૫) જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકનો પત્ર નં.આયોગ/અહેવાલ/ટીપીડી/૭ બીજી અપીલ તા. ૨૧–૦૯–૨૦૧૫
(૬) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.આયોગ/અહેવાલ/ટીપીડી/૮ બીજી અપીલ તા ૩–૦૯–૨૦૧૫
(૭) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/પ્રથમઅપીલ/આ.૩૯, તા.૧૯–૦૯–૨૦૧૫
(૮) અરજદારશ્રીનો પત્ર ટી.પી.ડી. ઈનવડ નં. ૫૬૪, તા.૨૮–૦૯–૨૦૧૫.

અરજદાર શ્રી નરેશભાઈ એન બથવાર ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ધ્વારા તબદીલ થઈ ટાઉન પ્લાનીંગ ખાતાને તા. ૦૯–૦૪–૨૦૧૫ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળનાં પત્રથી અરજદારશ્રીએ માંગેલ માહિતી ના મુદા નં.(૪) અને (૭) ની આંશિક માહિતીના પાનાની નકલ પાઠવેલ. સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી મનીષ ડોકટરને મળેલ નથી. જે મધ્યસ્થ કચેરી વિભાગમાં નં.સી/એફએપી/૧૭ તા.૧૨–૦૫–૨૦૧૫ થી નોંધાયેલ છે. સંદર્ભ (૪) હેઠળના રાજય માહિતી કમિશ્નરશ્રી ,ગુજરાત માહિતી આયોગ ,ગાંધીનગરની અપીલ નં.–અ–૪૭૧૪–૨૦૧૫ નો હુકમ તા.૦૩–૦૯–૨૦૧૫. પર્સોનેલ ઓફિસર (આર) ના પત્રનં. જીએડી /ઈએસટી /આર /૮૧૬ થી તા.૧૬–૦૯–૨૦૧૫ના રોજ ટાઉન પ્લાનીંગ ખાતાને મળેલ છે.જે અન્વયે સંદર્ભ (૫) હેઠળથી જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજક શ્રી એ. એમ. ગઢવી ધ્વારા અપીલના અનુસંધાને નામદાર આયોગ સમક્ષ પૂર્તતા અહેવાલ પાઠવેલ છે. સંદર્ભ (૬) હેઠળના પત્રથી નામદાર આયોગ સમક્ષ પૂર્તતા અહેવાલ અપીલ

અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી મનીષ એમ ડોકટરે પાઠવેલ છે. સંદર્ભ (૭) હેઠળના પત્રથી અરજદારશ્રી ધ્વારા રાજય માહિતી આયોગ સમક્ષ કરવામાં આવેલ અપીલ નં.–અ–૪૭૧૪ –૨૦૧૫ માં નામદાર માહિતી કમિશનરશ્રી ધ્વારા તા.૦૩–૦૯–૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ હુકમ અંતર્ગત અરજદારશ્રી ધ્વારા કરાયેલ પ્રથમ અપીલ નં. એસ.એમ.સી /એફએપી / નં./ ૦૭૦, તા.૧૩–૦૫–૨૦૧૫ અન્વયે વિવાદીશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એ. એમ. ગઢવીને પ્રથમ અપીલની રૂબરૂ સુનાવણી માટે તા.૨૪–૦૯–૨૦૧૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ મૂળ અરજીની નકલ / રેકર્ડ / દસ્તાવેજી પૂરાવા સહિત હાજર રહેવા જણાવેલ. ઉપરોકત તારીખ / સમયે અરજદારશ્રી નરેશભાઈ એન બથવાર હાજર રહેલ નથી,જે અન્વયે અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી માટે અન્ય તારીખ ફાળવવા ટેલીફોનીક જાણ કરતા અરજદારશ્રી ધ્વારા ટાઉન પ્લાનીંગ ખાતા તરફથી મળેલ માહિતીથી સંતોષ હોવાનું જણાવી ટાઉન પ્લાનીંગ ખાતા તરફથી મળેલ માહિતી સંદર્ભે તેઓએ અપીલ કરેલ નહી હોય, સદર સુનાવણીમાં તેઓને હાજર રહેવાની જરૂર નહિ હોવાનું જણાવવામાં આવેલ છે. સંદર્ભ (૮) હેઠળના પત્રથી અરજદારશ્રી ધ્વારા તા.૨૮–૦૯–૨૦૧૫ ના રોજ ટાઉન પ્લાનીંગ ખાતામાં રૂબરૂ હાજર રહી નામદાર માહિતી મુખ્ય કમિશનરશ્રી જાહેર માહિતી અધિકાર આયોગને લખેલ પત્રની નકલ ટાઉન પ્લાનીંગ ખાતાને આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રીએ સુનાવણીમાં હાજર રહી ટાઉન પ્લાનીંગ ખાતાને સંલગ્ન માહિતી / નકલો તેઓ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

–: **હુકમ** :–

ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં "આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૨૦ થી માંગેલ માહિતી અન્વયે અરજદારશ્રી ધ્વારા રાજય માહિતી આયોગ સમક્ષ કરવામાં આવેલ અપીલ નં.–અ–૪૭૧૪ –૨૦૧૫ માં નામદાર માહિતી કમિશનરશ્રી ધ્વારાતા.૦૩–૦૯–૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ હુકમ અંતર્ગત વિવાદીશ્રીને તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એ. એમ. ગઢવીને પ્રથમ અપીલની રૂબરૂ સુનાવણી માટે તા.૨૪–૦૯–૨૦૧૫ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમાં અરજદારશ્રી હાજર રહેલ નથી તેમજ અરજદારશ્રી ધ્વારા તા.૨૮–૦૯–૨૦૧૫ ના રોજ રાજય માહિતી કમિશનરશ્રીને લખેલ પત્રમાં અપીલ નં.–અ–૪૭૧૪–૨૦૧૫ માં ની સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ વિભાગના શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારી આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૨૦ થી માંગેલ માહિતી અરજદારશ્રીને સંતોષકારક જણાતા અપીલનો નિકાલ કરવા જણાવેલ છે.

પ્રથમ અપીલ ,સેકશન ઓફિસર અને અપીલ અધિકારીશ્રી મધ્યસ્થ વિભાગને કરવામાં આવેલ છે.પ્રથમ અપીલ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ટાઉન પ્લાનીંગ ખાતામાં કરવામાં આવેલ નથી. અપીલમાં ટાઉન પ્લાનીંગ ખાતા તરફથી સેવાપોથીની નકલ મળેલ હોવાનું જણાવેલ છે. આમ ટાઉન પ્લાનીંગ ખાતામાંથી અરજદારશ્રીને માહિતી / નકલ મળેલ હોવાનું અરજદારશ્રીએ સ્વીકાર કરેલ છે તથા તે સંદર્ભે કોઈ અસંતોષ હોવાનું જણાવેલ / રજૂઆત / ફરિયાદ કરેલ નથી.

કમિશ્નરશ્રી ગુજરાત માહિતી આયોગના તા.૦૩–૦૯–૨૦૧૫ ના હુકમ અન્વયે  સદરહુ પ્રથમ અપીલ, તા. ૦૩–૦૯–૨૦૧૫ ના રોજનો આયોગનો હુકમ તથા સુનાવણીમાં હાજર રહી જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી ધ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતા તથા અરજદારશ્રીની તા.૨૮–૦૯–૨૦૧૫ ની અરજીથી જણાવેલ તમામ વિગતો ધ્યાને લેતાં, જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી ને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

આમ, ઉપર મુજબ હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો,  માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** તા.૧૩/૧૦/૨૦૧૫

**અરજદાર :** શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ડી), મીના એમ ગજ્જર, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષય :** અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમબટ્ટની આર.ટી.આઇ એકટ હેઠળની અરજી આઇ.ડી.નં.૧૪૯૨, તા.૧૧/૦૯/૨૦૧૫ ના રોજ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–**(૧) અરજદારશ્રીની તા.૦૧૧–૦૯–૧૫ ની અરજી આઈ.ડી.નં.૧૪૯૨થી આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીના તા.૦૮–૧૦–૧૫ ના પ્રત્યુત્તર/માહિતી પાઠવવા સામે અપીલ.
(૨) અરજદારશ્રીની તા.૧૩–૧૦–૧૫ ની (સેન્ટ્રલ ઝોન/ સીવીક સેન્ટર/ આ/૯૨૫, તા.૧૩/૧૦/૨૦૧૫) પ્રથમ અપીલ અરજીથી માંગેલ માહિતી બાબત.
(૩) અત્રેનો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ./આ/૪૬ ૫ અપીલ, તા.૧૭–૧૦–૨૦૧૫.
(૪) અરજદારશ્રીનો તા.૨૦–૧૦–૨૦૧૫ રોજનો પત્ર.
(૫) અત્રેનો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ./આ/૪૯ ૫ અપીલ, તા.૨૬–૧૦–૨૦૧૫.
(૬) અત્રેનો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ./આ/૫૨ ૫ અપીલ, તા.૦૨–૧૧–૨૦૧૫.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમબટ્ટ ધ્વારા આર. ટી. આઈ. એકટ હેઠળ તા.૧૧/૦૯/૨૦૧૫ ના રોજથી આઈ.ડી.નં. ૧૪૯૨ થી કરવામાં આવેલ માહિતી પુરી પાડવા અંગેની અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા ડેપ્યુટી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે સંદર્ભ (૧) હેઠળના પત્રથી અરજદારશ્રી ને તા.૦૮–૧૦–૧૫ના રોજ પ્રત્યુત્તર / માહિતી પાઠવવામાં આવેલ.

અરજદારશ્રી ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) મીના એમ. ગજ્જરના તા.૦૮–૧૦–૧૫ ના પત્રથી પાઠવેલ માહિતી તેઓના વિભાગમાં ચોકકસ ઉપલબ્ધ હોવા છતાં તેઓને ન પુરી પાડી ઈરાદા પુર્વક જાણી જોઈ ઈરાદાપૂર્વક સંપૂર્ણ માહિતી છુપાવી હોવા બાબતે નારાજગી દર્શાવી તે જવાબ સામે તા.૧૩–૧૦–૨૦૧૫ ના રોજની પ્રથમ અપીલ અરજી સુરત મહાનગરપાલિકાના સીટી સીવીક સેન્ટરમાં રજુ કરેલ. જે અપીલ અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી તબદીલ થઈ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટી.પી.ડી./ આર.ટી.આઈ./ પ્રથમ અપીલ ઈન્વર્ડ નં. ૨૮, તા.૧૪/૧૦/૨૦૧૫ થી નોંધાયેલ.

ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી) મીના એમ.

ગજજરને તા.૨૧/૧૦/૨૦૧૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ પરંતુ અરજદારશ્રી ધ્વારા ઉકત દિનના રોજ સુરત બહાર ગામ હોવાથી ઉપસ્થિત રહી શકે તેમ ન હોય, જેથી સુનાવણી માટે વધુ એક તક આપવા જણાવેલ , જે સંદર્ભ (૫)ના પત્રથી સદર અપીલ અરજીની સુનાવણી તા.૦૨–૧૧–૨૦૧૫ના રોજ ૪:૩૦ કલાકે રૂબરૂ હાજર રહેવા જણાવેલ, સદર દિને પણ અરજદારશ્રી ધ્વારા અત્રેની કચેરીએ ટેલીફોનીક જાણ કરી, તા.૦૨–૧૧–૨૦૧૫ ના રોજ તેઓ હાજર રહી શકે તેમ ન હોય, અન્ય દિને સુનાવણીની તારીખ આપવા જણાવેલ, જે સંદર્ભ તા.૦૬–૧૧–૨૦૧૫ના રોજ સુનાવણી રાખી ૪:૩૦ કલાકે બંને પક્ષોને હાજર રહેવા જણાવેલ. પરંતુ બંને પક્ષોની અનુકુળતા ધ્યાને લઈ, સદર અપીલ અરજીની સુનાવણી તા.૦૭–૧૧–૨૦૧૫ ના રોજ થયેલ.

સદરહુ અપીલ કેસમાં બંને પક્ષો તા.૦૭–૧૧–૨૦૧૫ રોજ અપીલ અધિકારીશ્રી સમક્ષ અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) હાજર રહેલ છે. અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીના તા.૦૮–૧૦–૨૦૧૫ના પત્રથી અરજદારશ્રીએ અરજીથી માંગેલ માહિતી/ વિગતો અત્રેની કચેરી ધ્વારા અલગથી રેકર્ડ નિભાવવામાં આવતા ન હોય, પરંતુ ટાઉન પ્લાનીંગ વિભાગને કરવામાં આવેલ અરજીની નોંધ, વિભાગના ઈનવર્ડ રજીસ્ટરમાં કરવામાં આવે છે. જેની નિયમોનુસાર ચકાસણી કરી, આપના ધ્વારા જણાવેલ ચોકકસ વિગતો /જગ્યાની સ્પષ્ટતા સહિત માંગણી કરેલ અરજી અંગે થયેલ કાર્યવાહી પત્ર વ્યવહાર, અને વિભાગમાં થયેલ નોંધ અને માંગેલ તથા આપેલ પરામર્શ માર્ગદર્શન સહીતની અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ વિગતો નિયમોનુસારની કાર્યવાહી કરી આપને પાઠવી શકાશે, તે મુજબ પાઠવેલ પ્રત્યુત્તર સામે અસંતોષ દર્શાવી તા.૧૩/૧૦/૨૦૧૫ ની તેઓની અપીલ બાબતે જરૂરી હુકમો કરવા રજુઆત કરેલ છે.

ઉપરોકત અરજદારશ્રીની રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ડી) ધ્વારા અરજદારશ્રીની તા. ૧૧–૦૯–૨૦૧૫ ના રોજની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીથી માંગેલ માહિતી સમગ્ર સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારને લગતી હોય, જેથી ટાઉન પ્લાનીંગ વિભાગના તમામ જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રીઓને સ્પર્શે છે. સદર તમામ ઝોન વિસ્તારને લગતી કેસ વાઈઝ અરજીઓ ટાઉન પ્લાનીંગ વિભાગના ઈનવર્ડ રજીસ્ટરમાં નોંધ કરવામાં આવે છે. ત્યારબાદ જે તે સંબંધિત ડે.ટાઉન પ્લાનરશ્રી પ્રતિ આગળની કાર્યવાહી સારૂ મોકલવામાં આવે છે. જે મુજબ અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી મુજબ વિભાગના અલગથી રેકર્ડ નિભાવવામાં આવતા ન હોય, અરજદારશ્રીને ઉકત આર.ટી.આઈ. અરજીના સંદર્ભે ટાઉન પ્લાનીંગ વિભાગને કરવામાં આવેલ અરજીની નોંધ, વિભાગના

ઈનવર્ડ રજીસ્ટરમાં કરવામાં આવે છે. જેની નિયમોનુસાર ચકાસણી કરી, તેઓ ધ્વારા જણાવેલ ચોકકસ વિગતો /જગ્યાની સ્પષ્ટતા સહિત માંગણી કરેલ અરજી અંગે થયેલ કાર્યવાહી પત્ર વ્યવહાર, અને વિભાગમાં થયેલ નોંધ  અને માંગેલ તથા આપેલ પરામર્શ માર્ગદર્શન સહીતની અત્રેના રેકર્ડ પર  ઉપલબ્ધ વિગતો નિયમોનુસાર પાઠવી શકાય, તેમ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

ઉપરોકત તમામ વિગતો ધ્યાને લઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમઃ–

અરજદારશ્રીએ માંગેલ માહિતી સંદર્ભેની અપીલ અરજીની સુનાવણી સમયે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની રજુઆત અન્વયે ટાઉન પ્લાનીંગ ખાતાની કચેરીમાં કરવામાં આવેલ અરજીની નોંધ, વિભાગના ઈનવર્ડ રજીસ્ટરમાં કરવામાં આવતી હોય, જે અન્વયે અરજદારશ્રીને દિન–૧૦માં નિયમાનુસાર રેકર્ડ નિરીક્ષણ આપવા તથા તે માટે યોગ્ય પ્રબંધ કરવા અને રેકર્ડ નિરીક્ષણ અન્વયે અરજદારશ્રી તરફથી જે વિગતો / માહિતી માંગવામાં આવે તે માહિતી / નકલો અરજદારશ્રીને નિયમોનુસાર પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ડી), મીના એમ ગજજરને હુકમ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીઓ નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકાર ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**ટાઉન પ્લાનીંગખાતુ**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** તા. ૦૩–૧૧–૨૦૧૫

**અરજદાર :** શ્રી સોનલ તિવારી

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(સી), એ.કે.ટેલર, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષય :** આર.ટી.આઇ એકટ હેઠળ શ્રી સોનલ તિવારીની તા.૧૭–૦૮–૨૦૧૫ના રોજની અરજી આઇ.ડી. નં.૫૨ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ** (૧)આપશ્રીની ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૭/૦૮/૨૦૧૫ના રોજની અરજી. (આઈ.ડી.નં. ૫૨).

(૨)જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(સેન્ટ્રલ ઝોન) તથા ઈ.ચા.ફાયર ઓફીસરશ્રી, (ફાયર વિભાગ) ટીપીડી/૪૩૦, તા.૨૬–૦૮–૨૦૧૫ થી તબદીલ કરેલ પત્ર.

(૩) આપશ્રીની અપીલ અરજી તા.૦૩–૧૧–૨૦૧૫.

(૪) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(સેન્ટ્રલ ઝોન) તથા ઈ.ચા.ફાયર ઓફીસરશ્રી, (ફાયર વિભાગ) ટીપીડી/૭૪૭, તા.૧૭–૧૧–૨૦૧૫ થી અપીલ અરજી તબદીલ કરેલ પત્ર.

(૫)અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેશ્રી, સેન્ટ્રલ ઝોન તથા અપીલ અધિકારી અને ચીફ ફાયર ઓફીસરશ્રીને ટીપીડી/આ/૫૭ I અપીલ, તા.૧૮–૧૧–૨૦૧૫થી અપીલ અરજી તબદીલ કરેલ પત્ર.

(૬)ટાઉનપ્લાનીંગ વિભાગના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/આ/૫૮I અપીલ, તા.૧૮–૧૧–૨૦૧૫.

(૭)ટાઉનપ્લાનીંગ વિભાગના પત્ર ક્રમાંકઃટીપીડી/આરટીઆઈ/આ/૫૯ I અપીલ, તા.૨૬–૧૧–૨૦૧૫.

અરજદારશ્રી સોનલ તિવારીની સંદર્ભ(૧)હેઠળની માહિતી માંગતી અરજી ટી.પી.ડી/આર.ટી.આઈ./ઈનવર્ડ નં. ૫૨, તાઃ૧૭–૦૮–૨૦૧૫થી જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(સી), શ્રી એ.કે. ટેલરને પ્રાપ્ત થયેલ.

જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(સી), શ્રી એ.કે. ટેલર ધ્વારા સદર અરજીમાં કરેલ રજુઆત ટાઉન પ્લાનીંગ વિભાગને લગતી ન હોય, સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(સેન્ટ્રલ ઝોન) તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ફાયર ઓફીસરશ્રી, ફાયર વિભાગને તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારશ્રી સોનલ તિવારીએ આજદિન સુધી કોઈ માહિતી ન મળવાથી નારાજ થઈ સંદર્ભ (૩) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ છે. જે ટાઉન પ્લાનીંગ વિભાગને ટીપીડી/ઈનવડ નં./૬૮૩૭, તા.૦૯–૧૧–૨૦૧૫થી પ્રાપ્ત થયેલ છે.

જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(સી) એ. કે. ટેલર દ્વારા અરજદારશ્રીની માહિતી માંગતી તા.૧૭–૦૮–૨૦૧૫ની મુળ અરજી, ટાઉન પ્લાનીંગ વિભાગને સંલગ્ન નહિ હોવાથી તથા જે સેન્ટ્રલઝોન તથા ફાયર વિભાગને સ્પર્શતી હોવાથી સદર વિભાગો પ્રતિ તબદીલ કરેલ હોય જે ધ્યાને લઈ સદર અપીલ અરજી અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેશ્રી, સેન્ટ્રલ ઝોન તથા અપીલ અધિકારી અને ચીફ ફાયર ઓફીસરશ્રી, ફાયર વિભાગને તબદીલ કરવામાં આવેલ છે તથા અરજદારશ્રીએ અપીલ અધિકારીશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા સમક્ષ અપીલ અરજી કરેલ હોવાથી ન્યાયના હિતમાં સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી દ્વારા સંદર્ભ (૬) હેઠળના તા.૧૮–૧૧–૨૦૧૫ ના પત્રથી અરજદાર શ્રીમતી સોનલ તિવારી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (સી), શ્રી એ.કે.ટેલરને તા.૨૧–૧૧–૨૦૧૫ના રોજ સાંજે ૦૪:૩૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદાર શ્રીમતી સોનલ તિવારી હાજર રહેલ ન હતાં. જેથી અરજદારશ્રીને રૂબરૂ સુનવણી માટે વધુ એક તક આપી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી દ્વારા સંદર્ભ (૭) હેઠળના તા.૨૬–૧૧–૨૦૧૫ ના પત્રથી અરજદાર શ્રીમતી સોનલ તિવારી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (સી), શ્રી એ.કે.ટેલરને તા.૦૨–૧૨–૨૦૧૫ના સાંજે ૦૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ પરંતુ સદર રૂબરૂ સુનવણી દરમ્યાન અરજદાર શ્રીમતી સોનલ તિવારી ફરી હાજર રહેલ ન હતાં. ઉપરોકત જણાવ્યા મુજબની તા.૨૧–૧૧–૨૦૧૫ તથા ૦૨–૧૨–૨૦૧૫ની રૂબરૂ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (સી), શ્રી એ.કે.ટેલરે હાજર રહી અરજદારશ્રી દ્વારા તા.૧૭–૦૮–૨૦૧૫ની મુળ અરજીથી માંગેલ માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગને સંલગ્ન નહિ હોવાથી તથા સદર માહિતી સેન્ટ્રલઝોન તથા ફાયર વિભાગને સ્પર્શતી હોવાથી સદર મુળ અરજી તેઓ દ્વારા સંબંધિત વિભાગ / ઝોનના જાહેર માહિતી અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

**–:હુકમ:–**

આર.ટી.આઇ એકટના નમુના–ક ની અરજી આઇ.ડી.નં.૫૨, તા.૧૭–૦૮–૨૦૧૫ અન્વયે અરજદારશ્રી દ્વારા કરવામાં આવેલ તા.૦૩–૧૧–૨૦૧૫ રોજની પ્રથમ અપીલ બાબતમાં રૂબરૂ સુનવણી માટે તા.૨૧–૧૧–૨૦૧૫ તથા તા.૦૨–૧૨–૨૦૧૫ના રોજ નિયત કરવામાં આવેલ સમયે અરજદારશ્રી સોનલ તિવારી હાજર રહેલ નથી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(સી) ને હાજર રહી કરેલ સ્પષ્ટતા જે ધ્યાને લેતાં સંદર્ભ (૩) હેઠળની તેઓની પ્રથમ અપીલ અરજી અન્વયે હવે અરજદારશ્રીએ વધુ કોઈ રજુઆત કરવાની

થતી નથી માની તેઓની પ્રથમ અપીલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(સી), શ્રી એ.કે.ટેલરને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(સી) એ. કે. ટેલરને અરજદારશ્રીઓની માહિતી માંગતી અરજી આર.ટી.આઈ.એકટની જોગવાઈઓ મુજબ નિયત સમય મર્યાદામાં સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓ પ્રતિ તબદીલ થાય તે સુનિશ્ચિત કરવા અંગેની કાળજી લેવા તાકિદ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧બીજો માળ,નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી : તા.૨૮–૧૦–૨૦૧૫.**

**અરજદાર : શ્રી પરસોત્તમ કરશનભાઈ ડુંગરાણી,**

**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, જયદીપ એન. પરીખ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકત:**

**વિષય:–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી પરસોત્તમ કરશનભાઈ ડુંગરાણીની ૮/૧૦/૨૦૧૫ અરજી આઈ.ડી.નં.૫૮ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ:–** (૧) આપશ્રીની તા. ૨૩–૦૯–૨૦૧૫ના રોજની અરજી (આઈ.ડી.નં.૧૫૭૪)

(૨) એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહીતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્ર,સુરતના પત્રનં સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/આ/૩૧૫,તા.૨૮–૦૯–૧૫

(૩) ટાઉન પ્લાનીંગ વિભાગની કચેરીના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૬૫૨, તા.૨૧–૧૦–૧૫.

(૪) આપશ્રીની અપીલ અરજી તા.૨૮–૧૦–૨૦૧૫.

(૫) એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહીતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્ર,સુરત ના પત્રનં સીસીસી/સી.ઝેડ/આ/૧૦૦૧, તા.૨૮–૧૦–૨૦૧૫

(૬) ટાઉનપ્લાનીંગ વિભાગના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૬૯૬, તા.૦૨–૧૧–૨૦૧૫

(૭) ટાઉન પ્લાનીંગ વિભાગના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/ય–અપીલ/૩૬૩, તા.૦૮–૧૨–૨૦૧૫.

અરજદારશ્રી પરસોત્તમ કરશનભાઈ ડુંગરાણી ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજી અન્વયે માંગવામાં આવેલ માહિતી અંગે અત્રેથી સંદર્ભ (૨) હેઠળના પત્રથી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહીતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્ર,સુરત ધ્વારા અત્રેને માહિતી પાઠવવા માટે જણાવવામાં આવેલ અને તેની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ(૩) હેઠળના પત્રથી નિયમોનુસાર ફી ભરવા જવાબ પાઠવવામાં આવેલ. ત્યારબાદ અરજદારશ્રી દ્વારા તા.૨૯–૧૦–૨૦૧૫ના રોજ સુરત મહાનગપાલિકાની નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે રૂા.૫૦/– જમા કરાવવામાં આવેલ. જે અન્વયે ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી માહિતી પાઠવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી દ્વારા સદર માહિતી સમયમર્યાદામાં મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ સંદર્ભ (૫) હેઠળના પત્રથી અપીલ અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટશ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, સુરત મારફત મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/ આરટીઆઈ/ પ્રથમ અપીલ ઈ.નં.આરટીઆઈ/ ૩૬ ય, તા.૦૩–૧૨–૨૦૧૫ થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી શ્રી પરસોત્તમ કરશનભાઈ ડુંગરાણી અથવા તેમના ધ્વારા નિયુકત પ્રતિનિધીને તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રી જયદીપ એન. પરીખને તા.૧૧–૧૨–૨૦૧૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ મૂળ અરજીની નકલ / રેકર્ડ/ દસ્તાવેજી પૂરાવા સહિત હાજર રહેવા જણાવેલ આવેલ. જે સુનાવણીમાં અરજદાર શ્રી પરસોત્તમ કરશનભાઈ ડુંગરાણી તથા જાહેર માહિતી અધિકારી શ્રી જયદીપ એન. પરીખ હાજર રહેલ હતા. અરજદારશ્રી દ્વારા તેમના દ્વારા માંગવામાં આવેલ માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી પાઠવેલ માહિતી મળેલ ન હોવાનું રૂબરૂમાં રજુઆત કરવામાં આવેલ છે તેમજ જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી નિયમાનુસાર ફી ભર્યા બાદ ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી ઉપલબ્ધ રેકર્ડના આધારે માહિતી આપેલ હોવાનું જણાવેલ છે.

–: હુકમ :–

"આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૫૭૪ અન્વયે અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાન કરેલ રજુઆત મુજબ તત્કાલીન જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રી જયદીપ પરીખના તા.૨૧–૧૦–૨૦૧૫ના રોજના પત્રથી નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીની અરજીથી માંગેલ માહિતી સંદર્ભે તા.૨૧–૧૦–૨૦૧૫ના પત્રથી માહિતી આપી જરૂરી નકલો મેળવવા માટે નિયત રકમ ભરપાઈ કરવામાં આવેલ હોય, જે સંદર્ભે અરજદારશ્રી દ્વારા સદર રકમ ભરપાઈ કરી નકલો મેળવવામાં આવેલ નહિ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જે અન્વયે અરજદારશ્રીએ આપેલ માહિતીથી અસંતુષ્ટ થઈ સદર અપીલ કરવામાં આવેલ છે. જે અન્વયે ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા અરજદારશ્રી ધ્વારા અરજીમાં માંગેલ માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગના સંદર્ભ (૬) હેઠળના પત્રથી પાઠવેલ માહિતી ફરીથી પાઠવી આપવા અરજદારશ્રીની રજુઆત અન્વયે સદર માહિતી દિન–૭ માં અરજદારશ્રીને પુરી પાડવા તથા અરજદારશ્રી ઈચ્છે તો તેઓને રેકર્ડ નિરિક્ષણ કરવા જરૂરી પ્રબંધ કરી આપવા તથા રેકર્ડ નિરિક્ષણ અન્વયે અરજદારશ્રી દ્વારા માંગણી કરવામાં આવે તો માહિતી/ નકલો નિયમાનુસાર પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે."

આમ, ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત

માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી : તા.૧૦–૦૯–૨૦૧૫**
**અરજદાર : શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ,**
**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવી, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને તા.૦૭/૦૭/૨૦૧૫ થી કરેલ અરજી બાબત.

**સંદર્ભઃ–** (૧) અરજદારશ્રીની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને તા.૦૭/૦૭/૨૦૧૫ ના રોજ કરેલ તા.૦૩/૦૮/૨૦૧૫ ના પત્રથી અત્રે તબદીલ કરવામાં આવેલ અરજી.
(૨) અરજદારશ્રીની તા.૧૩/૧૦/૨૦૧૫ ના રોજ અત્રે અપીલ અરજી નં.૨૭.
(૩) ટાઉન પ્લાનીંગ ખાતાનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આઉટ/૪૭/અપીલ, તા.૨૦/૧૦/૧૫.
(૪) ટાઉન પ્લાનીંગ ખાતાનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આઉટ/૫૦/અપીલ, તા.૨૯/૧૦/૧૫.

- **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજી અન્વયે માંગવામાં આવેલ માહિતી અન્વયે તેઓશ્રીઓને તેમની મૂળ અરજીના મુદ્દા નં.(૧) થી (૭) થી માંગેલ કોઈ માહિતી જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા પૂરી પાડવામાં નહિ આવેલ હોવાના કારણે સંદર્ભ (૨) હેઠળથી અપીલ અરજી કરેલી છે. જે મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ ઈ.નં.૨૭, તા.૧૩–૧૦–૨૦૧૫ થી નોંધાયેલ છે.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ અથવા તેમના ધ્વારા નિયુકત પ્રતિનિધીને તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવીને તા.૨૬–૧૦–૨૦૧૫ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ મૂળ અરજીની નકલ / રેકર્ડ/ દસ્તાવેજી પૂરાવા સહિત હાજર રહેવા જણાવેલ. જે અન્વયે અરજદારશ્રી સુનાવણીમાં હાજર રહેલ નહી, જેથી તેઓશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૦૬/૧૧/૨૦૧૫ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે દિવસે અનિવાર્ય કારણોસર સુનાવણી થઈ શકેલ નહી. જેથી સદર પ્રકરણમાં તા.૦૭/૧૧/૨૦૧૫ ના રોજ સુનાવણીમા હાજર રહેવા અરજદારશ્રીને તા.૦૬/૧૧/૨૦૧૫ ના રોજ ટેલીફોનીક જાણ કરવામાં આવેલ. ઉપરોકત તારીખ / સમયે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવી હાજર રહેલ.

સુનાવણીમાં હાજર રહેલ સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવી ધ્વારા જણાવ્યા મુજબ અરજદારશ્રી ધ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં કરવામાં આવેલ

આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી અન્વયે અરજદારશ્રીને તેમની અરજીના મુદ્દા નં.૩(૨), ૩(૫), ૩(૬) તથા ૩(૭) થી માંગેલ વિગતો પુરી પાડવા તબદીલ થઈ ટાઉન પ્લાનીંગ ખાતામાં તેઓને મળેલ છે. જે અન્વયે શરતચૂકથી કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નહિ હોવાનું તેઓશ્રીએ સ્વીકારેલ છે તથા હાજર રહેલ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ તેમની સંદર્ભ (૧) હેઠળની અરજીથી સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ ખાતાને સંલગ્ન માંગેલ કોઈ માહિતી મળેલ ન હોવાની રજુઆત કરેલ છે.

–: <u>હુકમ</u> :–

અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત રાજય ધ્વારા તા.૦૩/૦૮/૨૦૧૫ ના પત્રથી અરજદારશ્રીની અરજીના મુદ્દા નં.૩(૨), ૩(૫), ૩(૬) તથા ૩(૭) થી માંગેલ માહિતી પૂરી પાડવા સુરત મહાનગરપાલિકા તથા નગર રચના યોજના એકમ–૦૬ તથા એકમ–૦૯ ને તબદીલ કરવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળની અપીલ અરજીથી તેઓશ્રીને કોઈ માહિતી મળેલ ન હોવાની રજુઆત કરેલ છે.

ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવી ધ્વારા અરજદારશ્રીને સમયમર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ નથી, તે એક ગંભીર બાબત છે. જેની નોંધ લઈ હવે પછી આ પ્રકારના કિસ્સામાં સમયમર્યાદામાં અરજદારોને માહિતી પુરી પાડવા અંગત કાળજી રાખવા તથા ''આર.ટી.આઈ એકટ નમુના–ક મુજબની સંદર્ભ (૧) હેઠળની અરજદારશ્રીની અરજીના મુદ્દા નં.૩(૨), ૩(૫), ૩(૬) તથા ૩(૭) થી માંગેલ માહિતી અન્વયે રેકર્ડ આધારિત માહિતી દિન–૦૭ (સાત) માં પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવીને હુકમ કરવામાં આવે છે.

આમ, ઉપર મુજબ હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી : તા.૧૯–૧૦–૨૦૧૫**

**અરજદાર : શ્રી કલ્પેશ હસમુખભાઈ એન્જીનીયર (એડવોકેટ),**
**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવી, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી કલ્પેશ હસમુખભાઈ એન્જીનીયરની તા.૦૧/૦૮/૨૦૧૫ અરજી આઈ.ડી.નં.૪૮ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧) અરજદારશ્રી કલ્પેશ હસમુખભાઈ એન્જીનીયરની રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની અરજી તા.૦૧/૦૮/૨૦૧૫.
(૨) જાહેર માહિતી અધિકારીશ્રીનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/પ૨૯, તા.૨૧/૦૯/૨૦૧૫
(૩) માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ કલમ–૧૨ (૧) હેઠળ નમૂના–જ ની પ્રથમ અપીલ ટાઉન પ્લાનીંગ ખાતાનો પ્રથમ અપીલ નં.૨૯, તા.૧૯/૧૦/૨૦૧૫.
(૪) ટાઉન પ્લાનીંગ ખાતાનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આઉટ/૪૮, તા.૨૦/૧૦/૨૦૧૫.

- **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદાર શ્રી કલ્પેશ હસમુખભાઈ એન્જીનીયર ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજદારશ્રીને માહિતી પૂરી પાડવામાં આવેલ, જે અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા આંશિક/અધૂરી માહિતી પૂરી પાડેલ હોવાનું તેમજ સચોટ અને સંતોષકારક જવાબ આપવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ અરજદારશ્રીએ કરેલ સંદર્ભ (૩) હેઠળથી અપીલ અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ. જે મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ ઈ.નં.૨૯, તા.૧૯–૧૦–૨૦૧૫ થી નોંધાયેલ છે.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી શ્રી કલ્પેશ હસમુખભાઈ એન્જીનીયર અથવા તેમના ધ્વારા નિયુકત પ્રતિનિધીને તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવીને તા.૨૭–૧૦–૨૦૧૫ ના રોજ સાંજે ૪ઃ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ મૂળ અરજીની નકલ / રેકર્ડ/ દસ્તાવેજી પૂરાવા સહિત હાજર રહેવા જણાવેલ. ઉપરોકત તારીખ / સમયે અરજદારશ્રી હાજર રહેલ નહી પરંતુ, તા.૨૮/૧૦/૨૦૧૫ ના રોજ સાંજે ૪ઃ૩૦ કલાકે અરજદારશ્રી ઉપસ્થિત રહેલ છે.

સુનાવણીમાં હાજર રહેલ સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવીએ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ વિગતો અન્વયે ટાઉન પ્લાનીંગ ખાતાના રેકર્ડ /ફાઈલ પર ઉપલબ્ધ માહિતી તેઓના ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી પૂરી પાડવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતીમાં ટી.પી.સ્કીમ નં.૨૫ (સીંગણપોર–ટુંકી) માં આવેલ મોજે–સીંગણપોર, રે.સર્વે નં.૮૮ ને ટી.પી.સ્કીમમાં કયો અને કયા ફા.પ્લોટ ફાળવેલ છે ? તેનો જવાબ આપવા રજુઆત કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા સદર બાબત સંબંધિત ફાઈલ/રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી માટે ટી.પી.સ્કીમના પાર્ટ પ્લાન તેમજ "બ" ફોર્મની નકલ આપેલ હોવાનું જણાવી સદર માહિતી/રેકર્ડ પરથી પ્રશ્ન હેઠળના રે.સર્વે નં.૮૮ ની સામે ફાળવેલ અંતિમખંડ સંબંધી માહિતી/વિગતો મળી રહેતી હોવાનું જણાવી જે અંગે અરજદારશ્રીને સમજ આપેલ છે જે અન્વયે અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરેલ છે. પરંતુ, તેઓને ટી.પી.સ્કીમમાં અંતિમખંડ બાબતે અન્યાય થયેલ હોવાની રજુઆત કરેલ છે. જે સંદર્ભે તેઓનો સદર અસંતોષ, આર.ટી.આઈ. એકટ હેઠળ તેઓએ માંગેલ માહિતી બાબતેનો નહિ હોય, જે ટી.પી.સ્કીમના આયોજન બાબતેનો હોય, જે અંગેની રજુઆત અલગથી સંબંધિત ખાતા/અધિકારીશ્રીને કરવા અંગે અરજદારશ્રીને સમજ આપવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરી તેઓ ઉકત બાબતે અલગથી રજુઆત કરશે તે મુજબ જણાવેલ છે.

**–: <u>હુકમ</u> :–**

ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં "આર.ટી.આઈ એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૪૮ થી માંગેલ માહિતી અન્વયે સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવી ધ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતા મુજબ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી/વિગતો સંદર્ભ (૨) હેઠળના પત્રથી પૂરી પાડવામાં આવેલ હોવાથી જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

આમ, ઉપર મુજબ હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** **તા.૨૮–૧૦–૨૦૧૫.**

**અરજદાર :** **શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,**

**સામાવાળા :** (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, જયદીપ એન. પરીખ,ટાઉન પ્લાનીંગ વિભાગ

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, અશોક એમ. ગઢવી,ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ,ની તા.૨૧/૧૦/૨૦૧૫ અરજી આઈ.ડી.નં.૧૮૪૮ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧) આપશ્રીની ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૨૧/૧૦/૨૦૧૫ના રોજની અરજી. (આઈ.ડી.નં. ૧૮૪૮).

(૨) એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહીતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્ર,સુરત ના પત્ર નં સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/આ/૫૯૭, તા.૨૯– ૧૦–૨૦૧૫

(૩) ટાઉન પ્લાનીંગ વિભાગના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૭૩૬, તા.૦૭–૧૧–૨૦૧૫.

(૪) આપશ્રીની અપીલ અરજી તા.૨૬–૧૧–૨૦૧૫.

(૫) ટાઉન પ્લાનીંગ વિભાગના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૬૦– ય અપીલ, .૦૧–૧૨–૨૦૧૫.

(૬) ટાઉન પ્લાનીંગ વિભાગના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૬૭, તા.૨૩–૧૨–૨૦૧૫.

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજી અન્વયે માંગવામાં આવેલ માહિતી અંગે અત્રેથી સંદર્ભ (૨) હેઠળના પત્રથી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહીતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્ર,સુરત ધ્વારા અત્રેને માહિતી પાઠવવા માટે જણાવવામાં આવેલ અને તેની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ(૩) હેઠળના પત્રથી જાહેર માહીતી અધિકારીશ્રીઅને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી, શહેર વિકાસ(મધ્યસ્થ) વિભાગને માંગવામાં આવેલ માહિતી માટે અત્રેથી તેમની અરજી સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી દ્વારા ટાઉન પ્લાનીંગ વિભાગે પુરી પાડવાની થતી માહિતી પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળના પત્રથી અપીલ અરજી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં શહેર વિકાસ અધિકારી તથા અપીલ અધિકારીશ્રી ને અપીલ અરજી દાખલ કરવામાં આવેલ. જે અત્રેના વિભાગમાં ઈનવર્ડ નં. ટીપીડી/ આરટીઆઈ/ પ્રથમ અપીલ ઈ.નં.આરટીઆઈ/૩૩ ય, તા.૨૬–૧૧–૨૦૧૫ થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ અથવા તેમના ધ્વારા નિયુકત પ્રતિનિધીને તથા જાહેર માહિતી અધિકારી અને

નાયબ ટાઉન પ્લાનરશ્રી જયદીપ એન. પરીખને તા.૦૮–૧૨–૨૦૧૫ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ મૂળ અરજીની નકલ / રેકર્ડ/ દસ્તાવેજી પૂરાવા સહિત હાજર રહેવા જણાવેલ. પરંતુ ઉપરોકત તારીખ/સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી કચેરીના અન્ય કામ માં વ્યસ્ત હોય રૂબરૂ સુનાવણી શકય બનેલ નથી. જેથી સદર બાબતે સંદર્ભ (૬) હેઠળના પત્રથી ફેર સુનવણી માટે શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ અથવા તેમના ધ્વારા નિયુકત પ્રતિનિધીને તા.૦૧–૦૧–૨૦૧૬ના રોજ બપોરે ૪ : ૩૦ કલાકે સૂનાવણી માટે અપીલ અધિકારી સમક્ષ મૂળ અરજીની નકલ / રેકર્ડ/ દસ્તાવેજી પૂરાવા સહિત હાજર રહેવા જણાવેલ .જે સુનાવણીમાં અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ હાજર રહેલ નથી તથા જાહેર માહિતી અધિકારી શ્રી જયદીપ એન. પરીખ હાજર રહી અપીલ અધિકારીશ્રીને કરેલ અરજદારશ્રીની તા.૨૬–૧૧–૨૦૧૫ ની અપીલ અરજી તથા તા.૨૧–૧૦–૨૦૧૫ ના રોજની આઈ.ડી.નં. ૧૮૪૮ વાળી અરજીના મુદ્દા નં. (૩) અન્વયેની માહિતી પ્રતિ ધ્યાન દોરી અરજદારશ્રી દ્વારા માંગણી કરેલ વિગતો / નકલ તેમના કાર્યક્ષેત્ર હેઠળ ન હોવાનું પરંતુ ટાઉન પ્લાનીંગ ખાતાના અન્ય જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એ. એમ. ગઢવીના કાર્યક્ષેત્ર હોવાનું પાછળથી ધ્યાને આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જે અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી દ્વારા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી અશોક એમ. ગઢવીને રૂબરૂમાં સુનાવણીમાં બોલાવી અરજદારશ્રીની પ્રશ્ન હેઠળની માહિતી માંગતી અરજી અન્વયે ફેર ચકાસણી કરી રેકર્ડ આધારીત માહિતી આપવા જણાવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી અશોક એમ. ગઢવીએ આ અંગેની માહિતી તેઓના કાર્યક્ષેત્ર વિભાગમાં ઉપલબ્ધ હોય તો તે અંગે ચકાસણી કરી આપવાની તૈયારી દર્શાવેલ છે. જે ધ્યાને લઈ આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–: હુકમ :–

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૬–૧૧–૨૦૧૫ ની અપીલ અરજી અન્વયે તા.૦૧–૦૧–૨૦૧૬ ના રોજ થયેલ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી ધ્વારા થયેલ સ્પષ્ટતા ધ્યાને લેતા ''આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી.નં. ૧૮૪૮માં જણાવેલ મુદ્દા નં.(૩) અન્વયેની માહિતી અન્વયે તથા અરજદારશ્રીની અપીલ અરજીમાં કરેલ રજુઆત મુજબ જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રી જયદીપ પરીખ ને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. પરંતુ અરજદારશ્રીની તા.૨૬–૧૧–૨૦૧૫ ની અરજી અન્વયે તેઓ ધ્વારા પ્રશ્ન હેઠળની મોજે :ઉત્રાણ, બ્લોક નં. ૭૭ બાબતે કરવામાં આવેલ અરજીઓ / રજુઆત અંગેની ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ નોંધ / રીપોર્ટીગ વિગેરેની માહિતી / નકલો અરજદારશ્રીને દિન–૭ (સાત) માં વિના મૂલ્યે આપવા તથા અરજદારશ્રીએ 'આર.ટી.આઈ.' એકટ–૨૦૦૫ અંતર્ગત

માંગેલ માહિતી અરજદારશ્રીને સદર કાયદામાં નિયત કરેલ સમયમર્યાદામાં મળી રહે તે સુનિશ્ચિત કરવા અંગત લક્ષ આપવા. જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી અશોક એમ. ગઢવીને હુકમ કરવામાં આવે છે.

આમ, ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** તા.૩૦–૦૧–૨૦૧૬

**અરજદાર** : શ્રી સૈફુદ્દીન અબ્બાસભાઈ મોટરવાલા.

**સામાવાળા** : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(સી), એ.કે.ટેલર, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષયઃ** આર.ટી.આઇ એકટ હેઠળ શ્રી સૈફુદ્દીન અબ્બાસભાઈ મોટરવાલા. ની તા.૧૭–૧૨–૨૦૧૫ના રોજની અરજી આઇ.ડી. નં. ૨૨૧૬ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ** (૧) અરજદારશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૭–૧૨–૨૦૧૫ના રોજની અરજી. (આઈ.ડી.નં. ૨૨૧૬)

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ. એમ. સોની (સેન્ટ્રલ ઝોન)નો પત્ર નં. સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૩૮૫૯, તા.૦૨–૦૧–૨૦૧૬.

(૩) અત્રેની કચેરીનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૮૪૨, તા.૧૯–૦૧–૧૬.

(૪) અપીલ અરજી નં.૧૩૫૦, તા.૩૦–૦૧–૨૦૧૬.

(૫) અત્રેની કચેરીનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૭૩ I અપીલ, તા.૧૭–૦૨–૧૬.

અરજદારશ્રી સૈફુદ્દીન અબ્બાસભાઈ મોટરવાલા તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૧૭–૧૨–૨૦૧૫ના રોજ આઈ.ડી. નં. ૨૨૧૬ થી આવેલ માહિતી પુરી પાડવા અંગેની કરવામાં આવેલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન દ્વારા, ડેપ્યુટી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ ખાતમાં સંદર્ભ (૨)હેઠળના પત્રથી તબદીલ કરવામાં આવેલ.

ઉપરોકત પત્ર સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(સી), શ્રી એ.કે.ટેલરના પત્ર નં.ટીપીડી/ આર.ટી.આઈ./આ/૮૪૨, તા.૧૯–૦૧–૨૦૧૬ના પત્રથી અરજદારને સ્થાયી સમિતિ ઠરાવ નં.૭૬૬/૨૦૧૪, તા.૨૮–૧૨–૨૦૧૪ થી કરવામાં આવેલ ઠરાવના મુદ્દા નં.૩ અન્વયે પ્રશ્નવાળી વોર્ડ નં.૨, નોંધ નં.૪૬૦૪ પૈકીના ગોપીતળાવને લાગુ આવેલ જમીન બાબતે સૈધ્ધાંતિક નિર્ણય અર્થે મુળ ફાઈલ સામાન્ય સભામાં મોકલવામાં આવેલ હોય, જે પરત આવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપવામાં આવશે તેમ જણાવેલ છે.

ઉપરોકત પત્રથી આપેલ જવાબ/માહિતીથી નારાજ થઈ અરજદારશ્રીએ તેઓના માંગ્યા મુજબની માહિતી મળેલ ન હોવાથી, સ્થાયી સમિતિના તા.૨૮–૦૨–૨૦૧૪ના ઠરાવ નં.૭૬૬/૨૦૧૪ના મુદ્દા નં. ૩ અંગેની નકશા સહિતની માહિતી આપવા તા.૩૦–૦૧–૨૦૧૬ થી સેન્ટ્રલ ઝોનમાં પ્રથમ અપીલ કરવામાં આવેલ. જે અપીલ સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સી.સી.સી./સે.ઝોન/આ/૧૩૫૦, તા.૩૦–૦૧–૨૦૧૬ થી ટાઉન પ્લાનીંગ ખાતામાં તબદીલ

કરવામાં આવેલ છે. જે અપીલ અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં ઈનવર્ડ નં.૪૦ I ટીપીડી.આર.ટી.આઈ તા.૦૫–૦૨–૨૦૧૬થી પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત પ્રથમ અપીલ સંદર્ભે ટાઉન પ્લાનીંગ ખાતાના પત્ર નં. ટીપીડી/ આર.ટી.આઈ/ આ/ ૭૩ I અપીલ, તા.૧૭–૦૨–૧૬ થી અરજદારશ્રી સૈફુદ્દીન અબ્બાસભાઈ મોટરવાલા તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(સી), શ્રી એ.કે.ટેલરને અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી, ટાઉન પ્લાનીંગ ડીપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકાની કચેરીએ તા.૨૨–૦૨–૧૬ ના રોજ સાંજે ૪.૪૫ કલાકે સુનાવણી અર્થે રૂબરૂ હાજર રહેવા જણાવેલ. જેના સંદર્ભે અરજદારશ્રી સૈફુદ્દીન અબ્બાસભાઈ મોટરવાલા તથા જાહેર માહિતી અધિકારી તથા ડે.ટાઉન પ્લાનર(સી) શ્રી એ.કે.ટેલર તા.૨૨–૦૨–૨૦૧૬ સાંજે ૪–૪૫ કલાકે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ.

ઉપરોકત સુનાવણી દરમ્યાન અરજદારશ્રી સૈફુદ્દીન અબ્બાસભાઈ મોટરવાલાએ તેઓને માંગ્યા મુજબની માહિતી મળેલ ન હોવાની રજુઆત કરેલ છે. જેના સંદર્ભે ડે.ટાઉન પ્લાનર(સી), શ્રી એ.કે.ટેલરે સ્થાયી સમિતિ ઠરાવ નં. ૭૬૬/૨૦૧૪ તા.૨૮–૦૨–૨૦૧૪ ની ફાઈલ વોર્ડ નં.૨, નોંધ નં.૪૬૦૪ પૈકીની ગોપીતળાવને લાગુ આવેલ જમીન અંગેની હોય, જે ફાઈલ ટાઉન પ્લાનીંગ ખાતામાંથી વોર્ડ નં.૨, નોંધ નં.૪૬૦૪ પૈકીની ગોપીતળાવની લાગુ આવેલ જમીન બાબતે સામાન્ય સભાના સૈધ્ધાંતિક નિર્ણય થવા અર્થે દરખાસ્ત કરી મોકલવામાં આવેલ હોય, જે નિર્ણય અર્થે પેન્ડીંગ હોય, સદર ફાઈલ ટાઉન પ્લાનીંગ ખાતાને પરત મળેલ નથી આમ, અરજદારશ્રીએ માંગેલ માહિતી / રેકર્ડ ધરાવતી ફાઈલ હાલમાં ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબધ ન હોવાથી હાલ અરજદારશ્રીએ માંગ્યા મુજબની માહિતી / નકલો આપી શકાય તેમ નહી હવોાનુ જણાવી પ્રશ્નવાળી ફાઈલ ટાઉન પ્લાનીંગ ખાતામાં પરત આવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ હોવાની સ્પષ્ટતા કરેલ છે. તથા તે મુજબનો પ્રત્યુતર / માહિતી તેઓ ધ્વારા પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ/આ/૮૪૨, તા.૧૯–૦૧–૨૦૧૬ થી અરજદારને આપવામાં આવેલ હોવાનુ જણાય છે. જે પ્રત્યુતર કાયમ રાખવા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(સી) શ્રી એ. કે. ટેલરે રજુઆત કરેલ છે.

**–:હુકમઃ–**

અરજદારશ્રી સૈફુદ્દીન અબ્બાસભાઈ મોટરવાલાની સેન્ટ્રલ ઝોનમાં તા.૩૦–૦૧–૨૦૧૬ થી કરવામાં આવેલ અપીલ અંગે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (સી) સાથે તા.૨૨–૦૨–૨૦૧૬ના રોજ થયેલ સુનાવણીની વિગતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (સી) એ.કે.ટેલર તરફથી સંદર્ભ (૩) ના પત્રથી અરજદારશ્રીને પ્રત્યુતર પાઠવવામાં આવેલ છે તથા જાહેર માહિતી અધિકારી અને

ડે.ટાઉન પ્લાનર(સી), શ્રી એ.કે.ટેલરે સુનવણીમાં કરેલ સ્પષ્ટતા મુજબ સ્થાયી સમિતી ઠરાવ નં.૭૬૬/૨૦૧૪ તા.૨૮–૦૨–૨૦૧૪ના મુદ્દા નં.૩ ની વોર્ડ નં.૨ નોંધ નં.૪૬૦૪ પૈકીની ગોપીતળાવને લાગુ આવેલ જમીન અંગેની મૂળ ફાઈલ હાલમાં ટાઉન પ્લાનીંગ ખાતા તરફથી સામાન્ય સભા સમક્ષ રજુ કરવામાં આવેલ હોય, જે પરત થયેલ નહી હોવાથી હાલમાં સદર મૂળ ફાઈલ / રેકર્ડ ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ નહી હોવાથી અરજદારશ્રીએ માંગેલ માહિતી / નકલો હાલમાં આપી શકાય તેમ નથી. પરંતુ સદર ફાઈલ ટાઉન પ્લાનીંગ ખાતામાં પરત મળ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ છે. જે ધ્યાને લેતા પ્રશ્નવાળી ફાઈલ ટાઉન પ્લાનીંગ ખાતામાં પરત મળ્યેથી અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી / નકલો આપવા જાહેર માહિતી અધિકારીશ્રીને હુકમ કરી અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ ૧૦(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.–૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** તા.૩૦–૦૧–૨૦૧૬

**અરજદાર** : શ્રી અબ્બાસભાઈ ફીદાહુસેન સુબેદાર.

**સામાવાળા** : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(સી), એ.કે.ટેલર, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષયઃ** આર.ટી.આઇ એકટ હેઠળ શ્રી અબ્બાસભાઈ ફીદાહુસેન સુબેદાર ની તા.૧૬–૧૨–૨૦૧૫ના રોજની અરજી આઇ.ડી. નં. ૨૨૧૭ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ** (૧) અરજદારશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૭–૧૨–૨૦૧૫ના રોજની અરજી. (આઈ.ડી.નં. ૨૨૧૭)

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ. એમ. સોની (સેન્ટ્રલ ઝોન)નો પત્ર નં. સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૩૮૬૧, તા.૦૨–૦૧–૨૦૧૬.

(૩) અત્રેની કચેરીનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૮૪૧, તા.૧૯–૦૧–૧૬.

(૪) અપીલ અરજી નં.૧૩૪૯, તા.૩૦–૦૧–૨૦૧૬.

(૫) અત્રેની કચેરીનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૭૪ (આઈ)અપીલ, તા.૧૭–૦૨–૧૬.

અરજદારશ્રી અબ્બાસભાઈ ફીદાહુસેન સુબેદાર તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૧૬–૧૨–૨૦૧૫ના રોજ આઈ.ડી. નં. ૨૨૧૭ થી આવેલ માહિતી પુરી પાડવા અંગેની કરવામાં આવેલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન દ્વારા, ડેપ્યુટી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ ખાતમાં સંદર્ભ (૨)હેઠળના પત્રથી તબદીલ કરવામાં આવેલ.

ઉપરોકત પત્ર સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(સી), શ્રી એ.કે.ટેલરના પત્ર નં.ટીપીડી/ આર.ટી.આઈ./આ/૮૪૧, તા.૧૯–૦૧–૨૦૧૬ના પત્રથી અરજદારને સ્થાયી સમિતિ ઠરાવ નં.૭૬૬/૨૦૧૪, તા.૨૮–૧૨–૨૦૧૪ થી કરવામાં આવેલ ઠરાવના મુદ્દા નં.૩ અન્વયે પ્રશ્નવાળી વોર્ડ નં.૨, નોંધ નં.૪૭૦૪ પૈકીના ગોપીતળાવને લાગુ આવેલ જમીન બાબતે સૈધ્ધાંતિક નિર્ણય અર્થે મુળ ફાઈલ સામાન્ય સભામાં મોકલવામાં આવેલ હોય, જે પરત આવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપવામાં આવશે તેમ જણાવેલ છે.

ઉપરોકત પત્રથી આપેલ જવાબ/માહિતીથી નારાજ થઈ અરજદારશ્રીએ તેઓના માંગ્યા મુજબની માહિતી મળેલ ન હોવાથી, સ્થાયી સમિતિના તા.૨૮–૦૨–૨૦૧૪ના ઠરાવ નં.૭૬૬/૨૦૧૪ના મુદ્દા નં. ૩ અંગેની નકશા સહિતની માહિતી આપવા તા.૩૦–૦૧–૨૦૧૬ થી સેન્ટ્રલ ઝોનમાં પ્રથમ અપીલ કરવામાં આવેલ. જે અપીલ સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સી.સી.સી./સે.ઝોન/આ/૧૩૪૯, તા.૩૦–૦૧–૨૦૧૬ થી ટાઉન પ્લાનીંગ ખાતામાં તબદીલ

કરવામાં આવેલ છે. જે અપીલ અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં ઈનવર્ડ નં.૭૪(આઈ) ટીપીડી.આર.ટી.આઈ તા.૦૫–૦૨–૨૦૧૬થી પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત પ્રથમ અપીલ સંદર્ભે ટાઉન પ્લાનીંગ ખાતાના પત્ર નં. ટીપીડી/ આર.ટી.આઈ/ આ/ ૭૪(આઈ) અપીલ, તા.૧૭–૦૨–૧૬ થી અરજદારશ્રી અબ્બાસભાઈ ફીદાહુસેન સુબેદાર તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(સી), શ્રી એ.કે.ટેલરને અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી, ટાઉન પ્લાનીંગ ડીપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકાની કચેરીએ તા.૨૨–૦૨–૧૬ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સુનાવણી અર્થે રૂબરૂ હાજર રહેવા જણાવેલ. જેના સંદર્ભે અરજદારશ્રી અબ્બાસભાઈ ફીદાહુસેન સુબેદાર તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(સી) શ્રી એ.કે.ટેલર તા.૨૨–૦૨–૨૦૧૬ સાંજે ૪:૩૦ કલાકે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ.

ઉપરોકત સુનાવણી દરમ્યાન અરજદારશ્રી અબ્બાસભાઈ ફીદાહુસેન સુબેદારએ તેઓને માંગ્યા મુજબની માહિતી મળેલ ન હોવાની રજુઆત કરેલ છે. જેના સંદર્ભે ડે.ટાઉન પ્લાનર(સી), શ્રી એ.કે.ટેલરે સ્થાયી સમિતિ ઠરાવ નં. ૭૬૬/૨૦૧૪ તા.૨૮–૦૨–૨૦૧૪ ની ફાઈલ વોર્ડ નં.૨, નોંધ નં.૪૭૦૪ પૈકીની ગોપીતળાવને લાગુ આવેલ જમીન અંગેની હોય, જે ફાઈલ ટાઉન પ્લાનીંગ ખાતામાંથી વોર્ડ નં.૨ માં આવેલ અલ–જામીયા–તસ–સુફીશાહ એકેડેમીના કેમ્પસમાંથી પસાર થતી ગલીઓ બંધ કરવા માટે/વેચાણથી આપવા બાબતે સામાન્ય સભાના સૈધ્ધાંતિક નિર્ણય થવા અર્થે દરખાસ્ત કરી મોકલવામાં આવેલ હોય, જે નિર્ણય અર્થે પેન્ડીંગ હોય, સદર ફાઈલ ટાઉન પ્લાનીંગ ખાતાને પરત મળેલ નથી આમ, અરજદારશ્રીએ માંગેલ માહિતી / રેકર્ડ ધરાવતી ફાઈલ હાલમાં ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબધ ન હોવાથી હાલ અરજદારશ્રીએ માંગ્યા મુજબની માહિતી / નકલો આપી શકાય તેમ નહી હોવાનું જણાવી પ્રશ્નવાળી ફાઈલ ટાઉન પ્લાનીંગ ખાતામાં પરત આવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ હોવાની સ્પષ્ટતા કરેલ છે. તથા તે મુજબનો પ્રત્યુતર / માહિતી તેઓ ધ્વારા પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ/આ/૨૪૧, તા.૧૯–૦૧–૨૦૧૬ થી અરજદારને આપવામાં આવેલ હોવાનુ જણાય છે. જે પ્રત્યુતર કાયમ રાખવા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(સી) શ્રી એ. કે. ટેલરે રજુઆત કરેલ છે.

**–:હુકમ:–**

અરજદારશ્રી અબ્બાસભાઈ ફીદાહુસેન સુબેદારની સેન્ટ્રલ ઝોનમાં તા.૩૦–૦૧–૨૦૧૬ થી કરવામાં આવેલ અપીલ અંગે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (સી) સાથે તા.૨૨–૦૨–૨૦૧૬ના રોજ થયેલ સુનાવણીની વિગતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (સી) એ.કે.ટેલર તરફથી સંદર્ભ (૩)ના પત્રથી અરજદારશ્રીને પ્રત્યુતર પાઠવવામાં આવેલ છે તથા જાહેર માહિતી અધિકારી અને

ડે.ટાઉન પ્લાનર(સી), શ્રી એ.કે.ટેલરે સુનાવણીમાં કરેલ સ્પષ્ટતા મુજબ સ્થાયી સમિતી ઠરાવ નં.૭૬૬/૨૦૧૪ તા.૨૮–૦૨–૨૦૧૪ના મુદ્દા નં.૩ ની વોર્ડ નં.૨ નોંધ નં.૪૭૦૪ પૈકીની ગોપીતળાવને લાગુ આવેલ જમીન અંગેની મૂળ ફાઈલ હાલમાં ટાઉન પ્લાનીંગ ખાતા તરફથી સામાન્ય સભા સમક્ષ રજુ કરવામાં આવેલ હોય, જે પરત થયેલ નહી હોવાથી હાલમાં સદર મૂળ ફાઈલ / રેકર્ડ ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ નહી હોવાથી અરજદારશ્રીએ માંગેલ માહિતી / નકલો હાલમાં આપી શકાય તેમ નથી. પરંતુ સદર ફાઈલ ટાઉન પ્લાનીંગ ખાતામાં પરત મળ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ છે. જે ધ્યાને લેતા પ્રશ્નવાળી ફાઈલ ટાઉન પ્લાનીંગ ખાતામાં પરત મળ્યેથી અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી / નકલો આપવા જાહેર માહિતી અધિકારીશ્રીને હુકમ કરી અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ ૧૦(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.–૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજીઃ તા.૨૪–૦૭–૨૦૧૫**

**<u>અરજદારઃ</u> શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટૃ**

**<u>સામાવાળાઃ</u> જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, આર. એસ. દેસાઈ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટૃની તા.૨૦–૦૬–૨૦૧૫ અરજી આઈ.ડી. નં.૬૭૦ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧) આપશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૨૦/૦૬/૨૦૧૫ના રોજની અરજી.(આઈ.ડી.નં. ૬૭૦).

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) નં. સે.ઝોન /આરટીઆઈ/જા/૧૧૭૯, તા.૨૩–૦૬–૨૦૧૫ અને નં. વે.ઝોન /આરટીઆઈ સેલ/૬૧૦, તા.૦૨–૦૭–૨૦૧૫.

(૪) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૩૨૬, તા.૧૭–૦૭–૨૦૧૫.

(૫) આપશ્રીની અપીલ અરજી તા.૨૪–૦૭–૨૦૧૫.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના પત્ર નંબર ટીપીડી/આરટીઆઈ/આ/૨૨ I અપીલ તા.૨૮–૦૭–૨૦૧૫ અને પત્ર નંબર ટીપીડી/આરટીઆઈ/આ/૨૩ I અપીલ તા.૦૭–૦૮–૨૦૧૫.

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટૃ (ક્રાંતિધર્મ અખબાર) ધ્વારા આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ સંદર્ભ (૧) હેઠળની અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી માહિતીના મુદ્દા નં. ૧ અને ૪ અંશતઃ તથા મુદ્દા નં. ૨,૩, ૫, ૬ અને ૭ નો જવાબ પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી આર. એસ. દેસાઈ ધ્વારા સદરહુ અરજી ટાઉન પ્લાનીંગ વિભાગને સ્પર્શતી ન હોય, તેના કાર્યક્ષેત્ર ધરાવતા જાહેર માહિતી અધિકારીશ્રી, શહેર વિકાસ ખાતાને તા.૧૭–૦૭–૨૦૧૫ના પત્રથી તબદીલ કરવામાં આવેલ તથા તેની જાણ અરજદારશ્રીને તા.૧૭–૦૭–૨૦૧૫ના પત્રથી કરવામાં આવેલ. જેનાથી નારાજ થઈ અરજદારશ્રીએ સંદર્ભ (૪) હેઠળના પત્રથી

અપીલ અરજી રજુ કરેલ. જે  ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/ આરટીઆઈ/ પ્રથમ અપીલ ઈ.નં.૧૫, તા.૨૪–૦૭–૨૦૧૫ થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી દ્વારા સંદર્ભ (૬) હેઠળના તા.૨૮/૦૬/૧૫ ના પત્રથી શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી આર. એસ. દેસાઈને તા.૦૩–૦૮–૨૦૧૫ના રોજ ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી આર.એસ.દેસાઈ હાજર રહેલ પરંતુ અરજદારશ્રી સુનાવણીમાં હાજર રહેલ નહી. જે અન્વયે ન્યાયના હિતમાં ફરીથી અરજદારશ્રીને રજુઆત અંગે એક તક આપવામાં આવેલ અને ફરીથી સદર અપીલની સુનાવણી તા.૧૩–૦૮–૨૦૧૫ના રોજ ૪:૦૦ કલાકે મુકરર કરેલ. જેના અનુસંધાને નિયત સમયે અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ , જાહેર માહિતી અધિકારીશ્રી આર. એસ. દેસાઈ તથા મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી અને આસી. ટાઉન પ્લાનરશ્રી નિયતિબેન દેસાઈ હાજર રહેલ હતા. સુનવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઅરજદારશ્રી ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દા નં.(૧) થી (૭)ની માહિતી ન પુરી પાડી હોવાનું જણાવેલ છે. સુનવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ.

અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળ માંગવામાં આવેલ માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતી ન હોય શહેર વિકાસ વિભાગને સંલગ્ન હોય, શહેર વિકાસ વિભાગને તા.૧૭–૦૭–૨૦૧૫ થી તબદીલ કરી તેની જાણ અરજદારશ્રીને કરવામાં આવેલ છે.

અપીલની સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતાથી અરજદારશ્રીએ તેઓની માહિતી માંગતી અરજી શહેર વિકાસ ખાતાને સંલગ્ન હોવાનું સ્વીકારી જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે સંતોષ વ્યકત કરેલ છે.

–: <u>હુકમ</u> :–

"આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૬૭૦ અન્વયે રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ રજુઆત મુજબ અરજદારશ્રી ધ્વારા અરજીના મુદ્દા નં. (૧) થી (૭) ની માંગેલ માહિતી મળેલ ન હોય નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ. અરજીના મુદ્દા નં. (૧) થી (૭) ની માંગેલ માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગને સ્પર્શતી ન હોય, શહેર વિકાસ વિભાગને લગતી હોય તેને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી ધ્વારા અરજદારશ્રીની જાણ હેઠળ જાહેર માહિતી અધિકારીશ્રી શહેર વિકાસ વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ

છે. જે અંગે અપીલની સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતાથી અરજદારશ્રીએ તેઓની માહિતી માંગતી અરજી શહેર વિકાસ ખાતાને સંલગ્ન હોવાનું સ્વીકારી જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે સંતોષ વ્યકત કરેલ છે. જે હકીકતો ધ્યાને લઈ અરજદારશ્રી ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી આર. એસ. દેસાઈને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેમજ આ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ ૧૯(૧) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજીઃ તા.૧૮–૦૬–૨૦૧૫**

**<u>અરજદાર:</u>** **શ્રી કાંતિભાઈ રાંદેરીયા**
**<u>સામાવાળા:</u>** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, આર. એસ. દેસાઈ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ શ્રી કાંતિભાઈ રાંદેરીયાની તા.૨૫–૦૫–૨૦૧૫ અરજી આઈ.ડી.નં.૧૨ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧) આપશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૨૫/૦૫/૨૦૧૫ના રોજની અરજી.(આઈ.ડી.નં. ૧૨).

(૨) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૨૦૭, તા.૧૧–૦૬–૨૦૧૫.

(૩) આપશ્રીની અપીલ અરજી તા.૧૮–૦૬–૨૦૧૫.

(૪) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના પત્ર નંબર ટીપીડી/આરટીઆઈ/આ/૨૪૮ અપીલ તા.૨૨–૦૬–૨૦૧૫.

અરજદાર શ્રી કાંતિભાઈ રાંદેરીયા (તંત્રીશ્રી લોકનાયક સાપ્તાહિક ન્યુઝ) ધ્વારા આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ સંદર્ભ (૧) હેઠળની અરજીથી મુદ્દા નં. ૧ થી ૩ અંગે માહિતી માંગવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી આર. એસ. દેસાઈ ધ્વારા અરજદારશ્રીને તા.૧૧–૦૬–૨૦૧૫ના પત્રથી જવાબ / માહિતી પાઠવવામાં આવેલ. જે પૈકી મુદ્દા નં. ૩ અંગે કરેલ જવાબ અન્વયે નારાજ થઈ અરજદારશ્રીએ સંદર્ભ (૩) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. જે ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/ આરટીઆઈ/ પ્રથમ અપીલ ઈ.નં. ૧૧, તા.૧૮–૦૬–૨૦૧૫ થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી દ્વારા સંદર્ભ (૪) હેઠળના તા.૨૨/૦૬/૧૫ ના પત્રથી શ્રી કાંતિભાઈ રાંદેરીયા તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી આર. એસ. દેસાઈને તા.૨૯–૦૬–૨૦૧૫ના રોજ ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સુનાવણીમાં અરજદાર શ્રી કાંતિભાઈ રાંદેરીયા, જાહેર માહિતી અધિકારીશ્રી આર. એસ. દેસાઈ તથા મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી અને આસી. ટાઉન પ્લાનરશ્રી ભાવેશ ટાકોડીયા હાજર રહેલ હતા.

સુનવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ. અરજદારશ્રી ધ્વારા લેખિતમાં જણાવેલ છે કે, તા.૨૯–૦૬–૨૦૧૫ ના દિને અપીલ અધિકારીશ્રી મનિષભાઈ ડોકટરશ્રીએ અપીલ ચલાવેલ, જેમાં માંગેલ માહિતીના રૂપે અમોને જરૂરી દસ્તાવેજી કાગળો મળેલ છે. સદર બાબતે દસ્તાવેજી કાગળો મળેલ હોય, આ બાબતે વધુ કાંઈ કહેવાનું રહેતુ નથી. વધુમાં, તેમની મૂળ અરજીના મુદ્દા નં.૩ થી માંગેલ માહિતીમાં ટાઈપીંગ ભૂલથી ખોટો દાવાનંબર લખાયેલ હોવાનું જણાવેલ છે.

સુનવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ.

અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળ માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં. ૩ માં ઉલ્લેખિત દાવા પ્રકરણ અત્રે કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. વધુમાં, અપીલની સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી / પત્રો/ નકશાની નકલો તેમને રૂબરૂમાં પાઠવવામાં આવેલ છે.

–: **<u>હુકમ</u>** :–

"આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૨ અન્વયે રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ રજુઆત મુજબ અરજીના મુદ્દા નં. ૩ થી માંગેલ માહિતીમાં ટાઈપીંગ ભૂલથી ખોટો દાવાનંબર લખાયેલ હોવાનું તેમજ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા તેઓની માહિતી માંગતી મૂળ અરજીમાં જણાવેલ નકલો ઉપરાંતની વધુ માહિતી / પત્રો/ નકશાની નકલની માંગણી કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને સદર પત્રો / નકશાની નકલ તુરંત પૂરી પાડવાની તૈયારી / સંમતિ દર્શાવેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને ડે. ટાઉન પ્લાનરશ્રીને અરજદારશ્રીની માંગણી મુજબની નકલો તાકીદે દિન–૦૧ (એક)માં પુરી પાડવા જણાવવામાં આવે છે તથા અરજદારશ્રી ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી આર. એસ. દેસાઈને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ, આ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ ૧૯(૧) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧બીજો માળ,નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજીઃ તા.૨૭–૧૦–૨૦૧૫**

**<u>અરજદારઃ</u>** **શ્રી રમેશભાઈ જેરામભાઈ**
**<u>સામાવાળાઃ</u>** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, આર. એસ. દેસાઈ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**– આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ શ્રી રમેશભાઈ જેરામભાઈની તા.૧૨–૧૦–૨૦૧૫ અરજી આઈ.ડી.નં.૧૭૧૩, ૨૮૦૩ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ**–(૧) અરજદારશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૨/૧૦/૨૦૧૫ના રોજની અરજી.(આઈ.ડી.નં. ૧૭૧૩, ૨૮૦૩ ).
(૨) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૭૨૯, તા.૦૬–૧૧–૨૦૧૫.
(૩) અરજદારશ્રીની અપીલ અરજી તા.૨૭–૧૦–૨૦૧૫.
(૪)અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના પત્ર નંબર ટીપીડી/આરટીઆઈ/આ/૬૧I અપીલ, તા.૦૭–૧૨–૨૦૧૫.

અરજદાર શ્રી રમેશભાઈ જેરામભાઈ ધ્વારા આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ સંદર્ભ (૧) હેઠળની અરજીથી મુદ્દા નં. (૧) થી (૭) અંગે માહિતી માંગવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી આર. એસ. દેસાઈ ધ્વારા અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં તા.૦૬–૧૧–૨૦૧૫ના પત્રથી ટાઉન પ્લાનીંગ વિભાગને લગતા મુદ્દા નં. (૧) થી (૫) તથા (૭) ની માહિતી / જવાબ પાઠવવામાં આવેલ છે. મુદ્દા નં.(૬)ની માહિતી સુરત શહેરી વિકાસ સત્તામંડળને લગતી હોય, તેમના પ્રતિ તબદીલ કરેલ છે. જે અંગે કરેલ જવાબ અન્વયે નારાજ થઈ અરજદારશ્રીએ સંદર્ભ (૩) હેઠળના તા.૨૭–૧૦–૨૦૧૫ પત્રથી પ્રથમ અપીલ અરજી રજુ કરેલ. જે ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/ આરટીઆઈ/ પ્રથમ અપીલ ઈ.નં. ૩૫, તા.૦૩–૧૨–૨૦૧૫ થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી દ્વારા સંદર્ભ (૪) હેઠળના તા.૦૭–૧૨–૧૦૧૫ ના પત્રથી શ્રી રમેશભાઈ જેરામભાઈ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી આર. એસ. દેસાઈને તા.૧૧–૧૨–૨૦૧૫ના રોજ ૪:૪૫ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સુનાવણીમાં અરજદાર શ્રી રમેશભાઈ જેરામભાઈની સહીના નમૂનાવાળા પત્ર સાથે તેમના વતી નરેશભાઈ ટી. રાવલ તથા જાહેર માહિતી અધિકારી તથા ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી આર. એસ. દેસાઈ હાજર રહેલ હતા.

સુનવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં રજુઆત કરી. તેઓએ અપીલની તા.૧૧–૧૨–૨૦૧૫ના રોજ જાહેર માહિતી અધિકારી તથા ડે. ટાઉન પ્લાનરશ્રી આર.એસ.દેસાઈ ધ્વારા તા.૦૬–૧૧–૨૦૧૫ના પત્રથી જણાવ્યા મુજબની માહિતીની નકલો મેળવવા અંગેની ફીઝ ભરપાઈ કરેલ હોય તથા જે અન્વયેજાહેર માહિતી અધિકારી અને ડે. ટાઉન પ્લાનરશ્રી આર.એસ.દેસાઈ ધ્વારા તેઓને આજે જ તા.૧૧–૧૨–૨૦૧૫ના રોજ માહિતીની નકલો મળેલ હોય જે સદર માહિતી / નકલોનો અભ્યાસ કર્યા બાદ તેઓને જરૂર જણાશે તો તેઓ વિગતવાર અન્ય વધુ રજુઆત કરશે તેમ જણાવેલ છે.

સુનવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીએ રૂબરૂમાં તેઓએ અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં માહિતી / પ્રત્યુતર પાઠવી સદર માહિતીની નકલો મેળવવા નિયત ફીઝ જમા કરાવવા જણાવેલ જે અન્વયે અરજદારશ્રીએ આજ તા.૧૧–૧૨–૨૦૧૫ના રોજ જ ફીઝ જમા કરાવેલ હોય જે અન્વયે તેઓ ધ્વારા આજે જ તા.૧૧–૧૨–૨૦૧૫ના રોજ અરજદારશ્રીને રૂબરૂમાં સદર નકલો પુરી પાડવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

–: **હુકમ** :–

"આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૭૧૩, ૨૮૦૩ અન્વયે રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ રજુઆત / સ્પષ્ટતા મુજબ અરજદારશ્રી ધ્વારા તેઓની માહિતી માંગતી મૂળ અરજીમાં જણાવેલ માહિતી / પત્રોની નકલની માંગણી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ટાઉન પ્લાનરશ્રી, આર.એસ.દેસાઈના તા.૦૬–૧૧–૨૦૧૫ના રોજ નિયત સમય મર્યાદામાં કરેલ પ્રત્યુતરના અનુસંધાને અરજદાશ્રીએ અપીલની સુનાવણીના દીને તા.૧૧–૧૨–૨૦૧૫ના રોજ જરૂરી ફી ભરવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ટાઉન પ્લાનરશ્રી ધ્વારા અરજદારશ્રીની માંગણી મુજબની નકલો તુરંત જ અરજદારશ્રીને રૂબરૂમાં પુરી પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં અરજદારશ્રી ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર આર. એસ. દેસાઈને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ, આ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ ૧૯(૧) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧બીજો માળ,નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** તા. ૧૯–૦૮–૨૦૧૫
**અરજદાર :** શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(બી),શ્રી એ.એમ.ગઢવી તથા
જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી),શ્રી વી.એસ.ગણેશવાલા,
ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા
**ફરીયાદની હકીકત :**

**વિષય :** આર.ટી.આઇ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૯–૦૬–૨૦૧૫ના રોજની અરજી આઇ.ડી.નં.૬૪૯ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧) અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની અરજી આઈ.ડી. નં.૬૪૯, તા.૧૯–૦૬–૨૦૧૫
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન)નો પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/ ૧૧૫૨ ,તા.૨૦–૦૬–૨૦૧૫
(૩) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી (મધ્યસ્થ) કચેરીનો પત્ર નં.સી/આર.ટી.આઈ/ ૨૦૪, તા.૨૩–૦૬–૨૦૧૫
(૪) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી (મધ્યસ્થ) કચેરીનો પત્ર નં.સી/આર.ટી.આઈ/ ૨૦૪, તા.૨૨–૦૬–૨૦૧૫ અન્વયે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટનો પત્રતા.૧૩–૦૭–૧૫
(૫) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી (મધ્યસ્થ) કચેરીનો પત્ર નં.સી./આર.ટી.આઈ/ ૨૦૪,તા.૧૫–૦૭–૨૦૧૫
(૬) ટાઉન પ્લાનીંગ વિભાગનો તા.૨૩–૦૭–૨૦૧૫નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ/૩૪૨
(૭) અરજદારશ્રીની અપીલ અરજી તા.૧૯–૦૮–૨૦૧૫
(૮) ટાઉનપ્લાનીંગવિભાગનોતા.૨૫–૦૮–૧૫નોપત્રનં.ટીપીડી/આરટીઆઇ/આ/૨૮(પ્રથમ અપીલ)
(૯)ટાઉનપ્લાનીંગવિભાગનોતા.૦૭–૦૯–૧૫નોપત્રનં.ટીપીડી/આરટીઆઇ/આ/૩૩.(પ્રથમ અપીલ)

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ધ્વારા સંદર્ભ(૧)હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારીશ્રીઓ, મ્યુનિસીપલ કમિશ્નરશ્રીની કચેરી, મધ્યસ્થ શહેર વિભાગ, વિજીલન્સ વિભાગ, ખાતાકીય તપાસ વિભાગ, મધ્યસ્થ મહેકમ વિભાગ, ડે.કમિશ્નર (પ. અને ઈ.) કચેરી, તથા લિંબાયત ઝોન , સુરત મહાનગરપાલિકાને કરેલ. સંદર્ભ (૧) હેઠળની સદર અરજી જાહેર માહિતી અધિકારી અનેપ્રથમ શ્રેણી કલાર્કશ્રી (મધ્યસ્થ) કચેરી ધ્વારા તા.૧૫–૦૭–૨૦૧૫ના પત્ર નં.સી/આર.ટી.આઈ/ ૨૦૪ થી પત્રકના ક્રમ નં.૩ની કાર્યવાહી માટે અત્રેની કચેરીએ તા.૧૫–૦૭–૨૦૧૫ના રોજ ઈ.નં.૧૭૮ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(જી), શ્રી વી.એસ.ગણેશવાલાને પ્રાપ્ત થયેલ.

જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી), શ્રી વી.એસ.ગણેશવાલા ધ્વારા સદર માહિતી મધ્યસ્થ જમીન મિલ્કત વિભાગને સંદર્ભ (૫) હેઠળનો પત્ર તેના બિડાણ સહિત જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજક (બી), ટાઉન પ્લાનીંગ વિભાગ પ્રતિ તા.૨૩–૦૭–૨૦૧૫ના પત્ર નં.ટીપીડી/૩૪૨ થી

તબદીલ કરવામાં આવેલ તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજક (બી) ધ્વારા કોઈ માહિતી / પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી. જેનાથી નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૭) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. સદર અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં ટીપીડી/આર.ટી.આઈ./ઈ.નં.૧૯ પ્રથમ અપીલ, તા.૨૧–૦૮–૨૦૧૫થી નોંધાયેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૮) હેઠળના તા.૨૫–૦૮–૨૦૧૫ના પત્રથી શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (જી),શ્રી વી.એસ.ગણેશવાલા અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(બી),શ્રી એ.એમ.ગઢવીને તા.૨૮–૦૮–૨૦૧૫ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ હાજર રહેલ ન હતાં. જેથી અરજદારશ્રીને રૂબરૂ સુનવણી માટે વધુ એક તક આપી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૪–૦૯–૨૦૧૫ના સાંજે ૦૪:૦૦ કલાકે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (જી), શ્રી વી.એસ.ગણેશવાલા અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(બી),શ્રી એ.એમ.ગઢવીને રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદરહુ રૂબરૂ સુનવણી દરમ્યાન પણ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ હાજર રહેલ ન હતા. સદરહુ રૂબરૂ સુનવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી), શ્રી વી.એસ ગણેશવાલા અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(બી),શ્રી એ.એમ.ગઢવી હાજર રહેલ. માહિતી માંગતી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની અરજી અન્વયે થયેલ કાર્યવાહીની વિગતો આપવા તેઓને જણાવવામાં આવતાં શ્રી વી.એસ.ગણેશવાલા ધ્વારા જણાવવામાં આવેલ છે કે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી (મધ્યસ્થ કચેરી) ધ્વારા તા. ૧૫–૦૭–૨૦૧૫ ના સંદર્ભ (૫) હેઠળના પત્રના અનુ. નં. (૩) ની કાર્યવાહી માટે ટાઉન પ્લાનીંગ વિભાગે પાઠવવામાં આવેલ. અનુ. નં. ૩ માં જણાવેલ પત્રો પૈકી ફકત પત્ર નંબર જી/સંકલન/૨૬૬, તા. ૧૯–૦૫–૨૦૧૫ ટાઉન પ્લાનીંગ વિભાગને પ્રાપ્ત થયેલ છે અને અન્ય કોઈ પણ પત્રો ટાઉન પ્લાનીંગ વિભાગે પ્રાપ્ત થયેલ નહિ હોવાનુ ટાઉન પ્લાનીંગ વિભાગના રેકર્ડમાં ચકાસણી કરતા જાણવા મળેલ છે. ટાઉન પ્લાનીંગ ખાતામાં પ્રાપ્ત થયેલ ઉકત પત્ર ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (બી) ને પ્રાપ્ત થયેલ હોવાનું ધ્યાને આવેલ હોવાથી માહિતી માંગતી અરજદારશ્રીની અરજી જરૂરી કાર્યવાહી અર્થે ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (બી), એ.એમ.ગઢવી પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે. શ્રી એ.એમ.ગઢવી ધ્વારા માહિતી માંગતી અરજદારશ્રીની અરજી અન્વયે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાની તથા જાહેર માહિતી અધિકારી અને

પ્રથમ શ્રેણી કલાર્કશ્રી, મધ્યસ્થ કચેરીના સંદર્ભ (૫) હેઠળના પત્રના મુદ્દા નં. (૩) માં જણાવેલ પત્રો પૈકી ટાઉન પ્લાનીંગ વિભાગને ફકત એક જ પત્ર પ્રાપ્ત થયેલ હોવાનું ધ્યાને આવતાં તે બાબતે મધ્યસ્થ કચેરીએ રૂબરૂ પૃચ્છા કરાવવામાં આવતાં મધ્યસ્થ કચેરીના સંબંધિત કર્મચારીશ્રી ધ્વારા તેઓના તા. ૧૫–૦૭–૨૦૧૫ ના પત્રના અનુ. નં. (૩) માં જણાવેલ ફકત અનુ. નં. (૪) મુજબનો પત્ર (જી.સંકલન/૨૬૬, તા. ૧૯–૦૫–૨૦૧૫ ટાઉન પ્લાનીંગ વિભાગને પાઠવેલ હોવાનું તથા તે સિવાયના અન્ય પત્રો મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ પ્રતિ પાઠવવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે. ટાઉન પ્લાનીંગ વિભાગને પ્રાપ્ત થયેલ ગુજરાત તકેદારી આયોગનો તા. ૨૭–૦૪–૨૦૧૫ નો પત્ર (જી સંકલન/૨૬૬, તા. ૧૯–૦૫–૨૦૧૫) બી.યુ.પરમીશન વગર વસવાટ કરવા બાબતનો હોય/ જેનો વિષય ટાઉન પ્લાનીંગ વિભાગને સ્પર્શતો ન હોય અને તે શહેર વિકાસ વિભાગને સ્પર્શતો હોય, યોગ્ય કાર્યવાહી માટે તા.૨૭–૦૫–૨૦૧૫ ના પત્ર નં.૧૨૫૮ થી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ પ્રતિ પાઠવવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

**–:હુકમઃ–**

આર.ટી.આઇ એકટના નમુના–ક ની અરજી આઇ.ડી.નં.૬૪૯, તા.૧૯–૦૬–૨૦૧૫ અન્વયે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ તા.૧૯–૦૮–૨૦૧૫ રોજની પ્રથમ અપીલ બાબતમાં રૂબરૂ સુનવણી માટે તા.૨૮–૦૮–૨૦૧૫ તથા તા.૧૪–૦૯–૨૦૧૫ના રોજ નિયત કરવામાં આવેલ સમયે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ હાજર રહેલ નથી. જે ધ્યાને લેતાં સંદર્ભ (૭) હેઠળની તેઓની પ્રથમ અપીલ અરજી અન્વયે હવે તેઓએ કોઈ વધુ રજુઆત કરવાની થતી નથી એમ માનીને તેઓની પ્રથમ અપીલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (જી),શ્રી વી.એસ.ગણેશવાલાને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. ડે.ટાઉન પ્લાનર, શ્રી વી.એસ.ગણેશવાલા ધ્વારા માહિતી માંગતી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની સંદર્ભ (૧) હેઠળની અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(બી), શ્રી એ.એન.ગઢવીને જરૂરી કાર્યવાહી માટે તા.૨૩–૦૭–૨૦૧૫ ના સંદર્ભ (૬) હેઠળના પત્રથી તબદીલ કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(બી), શ્રી એ. એમ.ગઢવી ધ્વારા અરજદારશ્રીને કોઈ માહિતી / પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી. જેથી માહિતી માંગતી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની સંદર્ભ (૧) હેઠળની અરજી અન્વયે દિન–૩ (ત્રણ) માં અરજદારશ્રીને માહિતી પાઠવી આપવા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (બી) શ્રી એ.એમ.ગઢવીને હુકમ કરવામાં આવે છે તથા ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળ માહિતી માંગતી અરજદારશ્રીની

અરજી સંદર્ભે નિયત સમય મર્યાદામાં અરજદારશ્રીને માહિતી / યોગ્ય પ્રત્યુત્તર મળે તે સુનિશ્ચિત કરવા અંગત કાળજી રાખવા તાકીદ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીઓ નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧બીજો માળ,નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** તા.૨૪/૦૮/૨૦૧૫

**અરજદાર :** શ્રી દિપક અગ્રવાલ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ડી), મીના એમ ગજ્જર, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષયઃ** આર.ટી.આઇ એકટ હેઠળ શ્રી દિપક અગ્રવાલ તા.૦૬/૦૮/૨૦૧૫ ના રોજ આઈ.ડી.નં.૧૨૬૮ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ** (૧) આપશ્રીની રાઇટ–ટુ–ઇર્ન્ફોમેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૬/૦૮/૨૦૧૫ ના રોજની અરજી આઇ.ડી.નં.૧૨૬૮.
(૨) અત્રેનો તા.૦૮/૦૯/૨૦૧૫ નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઇ–૪૮૫.
(૩) આપશ્રીની અપીલ અરજી તા.૨૪/૦૮/૨૦૧૫.
(૪) અત્રેનો તા.૦૩/૧૦/૨૦૧૫ નો પત્ર નં. ટીપીડી/આર.ટી.આઇ/આ/અપીલ/૪૦.
(૫) અત્રેનો તા. ૦૯/૧૦/૨૦૧૫ નો પત્ર નં. ટીપીડી/આર.ટી.આઈ/આ/અપીલ/૪૧.
(૬) આપનો તા.૧૫/૧૦/૨૦૧૫ નો પત્ર.

અરજદારશ્રી દિપક અગ્રવાલ ધ્વારા સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી, જાહેર માહિતી અધિકારી અને જનસંપર્ક અધિકારી ટુ કલેકટર, સુરત દ્વારા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ ખાતામાં તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ડી) ધ્વારા સદર અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજદારશ્રી ને પ્રત્યુતર પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. સદર અપીલ અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં ટી.પી.ડી./આર.ટી.આઈ./પ્રથમ અપીલ ઈ.નં.૨૬, તા.૨૮/૦૯/૨૦૧૫ થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદાર શ્રી દિપક અગ્રવાલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી) તા.૦૭/૧૦/૨૦૧૫ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર તારીખ અને સમયે અરજદારશ્રી હાજર રહેલ ન હોવાથી ફરીવાર અન્ય તા.૧૫–૧૦–૨૦૧૫ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળના પત્રથી જણાવેલ.

સદર સુનાવણીમાં અરજદારશ્રી તા.૧૫–૧૦–૨૦૧૫ ના રોજ અપીલ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ. જેમાં જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર હાજર રહેલ. જેમાં અરજદાર ધ્વારા તેઓની સંદર્ભ (૩) હેઠળના પત્રથી કરવામાં આવેલ અપીલ જાહેર માહિતી અધિકારી અને જનસંપર્ક અધિકારી ટુ કલેકટરશ્રી સામે ફાઈલ કરેલ હોવાનું જણાવેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી)ના તા.૦૮–૦૯–૧૫ ના હુકમ સામે નારાજગી/અસંતોષ ન હોવાનું જાહેર કરેલ તથા તે અન્વયેની જાણ સંદર્ભ (૬) હેઠળના પત્રથી લેખિતમાં અત્રે કરવામાં આવેલ છે.

**—:હુકમ:—**

આર.ટી.આઇ એકટના નમુના–ક ની અરજી આઈ.ડી.નં.૧૨૬૮/૨૦૧૫ અન્વયે રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારને તેઓને માંગેલ માહિતી તથા જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા પાઠવેલ જવાબ અન્વયે સમજણ આપવામાં આવેલ તેમજ અરજદારશ્રીએ તેઓના તા.૧૫–૧૦–૧૫ ના પત્રથી તેઓને જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી ના તા. ૦૮–૦૯–૨૦૧૫ ના રોજથી પાઠવેલ સદર માહિતી તથા જવાબ સામે કોઈ નારાજગી કે અસંતોષ નથી તેમ લેખિતમાં જણાવેલ છે તથા તેઓની પ્રથમ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને જનસંપર્ક અધિકારી ટુ કલેકટર પ્રતિ કરવામાં આવેલ હોય અને તેઓની પ્રતિ નારાજગી હોવાનું જણાવેલ છે. જે ધ્યાને લેતાં, સદર અપીલ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રીને કોઈ હુકમ કરવાનો થતો નથી.

આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીઓ નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકાર ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**ટાઉન પ્લાનીંગખાતુ**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** તા.૨૦/૦૮/૨૦૧૫,

**અરજદાર :** શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ડી), મીના એમ ગજ્જર, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષય :** અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની આર.ટી.આઇ એકટ હેઠળની અરજી આઇ.ડી.નં.૮૦૪, તા.૦૪/૦૭/૨૦૧૫ ના રોજ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :** (૧) જા.મા.અ. અને ડેપ્યુટી ઈજનેર, સેન્ટ્રલ ઝોનના તા.૦૫/૦૮/૨૦૧૫ ના પત્ર નં. સેન્ટ્રલઝોન/આર.ટી.આઇ/ આ/૧૬૯૭.
(૨) અત્રેનો તા.૧૪/૦૮/૨૦૧૫નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઇ/આ/૪૦૧.
(૩)આપશ્રીની તા.૨૦/૦૮/૧૫ ની (સેન્ટ્રલ ઝોન/ સીવીક સેન્ટર/ આ/૬૫૧, તા.૨૦/૦૮/૨૦૧૫) ની પ્રથમ અપીલ અરજીથી માંગેલ માહિતી બાબત.
(૪) અત્રેનો તા.૨૬/૦૮/૨૦૧૫ નો પત્ર નં. ટીપીડી/આર.ટી.આઇ/આ/પ્ર.અપીલ/૩૦.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ધ્વારા આર. ટી. આઈ. એકટ હેઠળ તા.૦૪/૦૭/૨૦૧૫ ના રોજથી આઇ.ડી.નં. ૮૦૪ થી કરવામાં આવેલ માહિતી પુરી પાડવા અંગેની અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા સંદર્ભ (૧) હેઠળના પત્રથી ડેપ્યુટી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે સંદર્ભ (૨) હેઠળના પત્રથી સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રી, મધ્યસ્થ શહેર વિકાસ ખાતા પ્રતિ સંપૂર્ણ માહિતી પૂરી પાડવા તબદીલ કરેલ.

અરજદારશ્રી ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) મીના એમ. ગજ્જરના તા.૧૪–૦૮–૧૫ ના પત્રથી સંપૂર્ણ અરજી મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને તબદીલ કરી કોઈ જ માહિતી પુરી પાડવાની નહિ થતી હોવાનું જણાવી જાણી જોઈ ઈરાદાપૂર્વક સંપૂર્ણ માહિતી છુપાવી હોવા બાબતે નારાજગી દર્શાવી તે જવાબ સામે તા.૨૦–૦૮–૨૦૧૫ ના રોજની પ્રથમ અપીલ અરજી સુરત મહાનગરપાલિકાના સીટી સીવીક સેન્ટરમાં રજુ કરેલ. જે અપીલ અરજી સંદર્ભ (૩) હેઠળના પત્રથી તબદીલ થઈ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટી.પી.ડી./ આર.ટી.આઈ./ પ્રથમ અપીલ ઈન્વર્ડ નં. ૨૦, તા.૨૧/૦૮/૨૦૧૫ થી નોંધાયેલ.

ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી) મીના એમ. ગજ્જરને તા.૦૧/૦૯/૨૦૧૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ.

સદરહુ સુનાવણીમાં અપીલ અધિકારીશ્રી સમક્ષ અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) મીના ગજ્જર હાજર રહેલ છે. અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીના તા.૧૪–૦૮–૨૦૧૫ પત્રથી અરજી ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરી, ટાઉન પ્લાનીંગ ખાતા ધ્વારા કોઈ માહિતી પુરી પાડવાની નથી, તે મુજબ પાઠવેલ પ્રત્યુત્તર સામે અસંતોષ દર્શાવી તા. ૨૦/૦૮/૨૦૧૫ ની તેઓની અપીલ બાબતે જરૂરી હુકમો કરવા રજુઆત કરેલ છે.

જે સંદર્ભે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીની અરજીમાં જણાવેલ વિગતો પ્રથમ દર્શનીય પ્લાન મંજુર ન કરવા બાબતે જણાતી હોવાથી, જે ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી, મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને તબદીલ કરેલ પરંતુ અરજદારશ્રી ધ્વારા સુરત મહાનગરપાલિકાની મધ્યસ્થ કચેરીએ તેઓની અરજીઓ ટાઉન પ્લાનીંગ ખાતાને પણ મોકલાવેલ હોવાની રજુઆત ધ્યાને લઈ ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડની ફેરચકાસણી કરતા અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ધ્વારા માન. મુખ્યમંત્રીશ્રીને તા.૨૧–૦૪–૨૦૧૪ ના રોજથી કરેલ અરજી માન.મુખ્ય મંત્રીશ્રીના કાર્યાલયના પત્ર ક્રમાંક નં. મુમક/Reg/૨૦૧૪/૧૮૭૭૫, તા.૨૮–૦૪–૨૦૧૪ ની સાથે ટાઉન પ્લાનીંગ ખાતાને મળેલ હોવાનું તથા અરજદારશ્રીની તા.૨૧–૦૪–૨૦૧૪ ના રોજની સદર અરજી સુડા કચેરીના તા.૦૯–૦૫–૨૦૧૪ના પત્રથી ટાઉન પ્લાનીંગ ખાતાને મળેલ હોય, જે અન્વયે અરજદારશ્રીને ટાઉન પ્લાનીંગ ખાતાની કચેરીના પત્ર નં. ટીપીડી/આ/૧૪૦૨, તા.૦૯–૦૬–૨૦૧૪ થી જવાબ પાઠવવામાં આવેલ છે. તેમજ સેકશન અધિકારીશ્રી, શહેર વિકાસ અને શહેર ગૃહ નિર્માણ વિભાગના તા.૨૬–૦૫–૨૦૧૪ના પત્રથી અરજદારશ્રીની તા.૦૬–૦૫–૨૦૧૪ રોજની અરજી અન્વયે યોગ્ય કાર્યવાહી કરી અહેવાલ મોકલવા જણાવેલ જે અંગેનો પ્રત્યુત્તર સેકશન અધિકારીશ્રીને તા.૦૧–૦૭–૨૦૧૪ રોજના પત્રથી પાઠવવામાં આવેલ છે. આમ, ફેરચકાસણીમાં અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતીને સંલગ્ન અંશતઃ રેકર્ડ / માહિતી ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ હોય જે

**અરજદારશ્રીને ઉપલબ્ધ કરાવવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી મીના એમ.ગજજર ધ્વારા તૈયારી દર્શાવવામાં આવેલ છે. ઉપરોકત તમામ વિગતો ધ્યાને લઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

**—:હુકમ:—**

**અરજદારશ્રીએ માંગેલ માહિતી સંદર્ભેની અપીલ અરજીની સુનાવણી સમયે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ડી) મીના.એમ.ગજજર ધ્વારા ટાઉન પ્લાનીંગ ખાતાની કચેરીમાં રેકર્ડની ફેરચકાસણી કરતા અરજદારશ્રીએ માંગેલ માહિતીને સંલગ્ન અંશતઃ રેકર્ડ ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ હોવાની કરેલ રજુઆત / સ્પષ્ટતા ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી) મીના એમ. ગજજરને ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ અરજદારશ્રીએ માંગેલ માહિતી અન્વયે રેકર્ડની યોગ્ય ઝીણવટભરી ચકાસણી કરી ઉપરોકત માહિતી / નકલો સહિત જે માહિતી / રેકર્ડ ઉપલબ્ધ હોય તે તમામ માહિતી / નકલો અરજદારશ્રીને દિન—૫ (પાંચ) માં વિનામૂલ્યે પુરી પાડવા તથા ભવિષ્યમાં આ પ્રકારની શરતચૂક ન થાય તે અંગેની તકેદારી રાખવા અને અરજદારશ્રીને માંગેલ માહિતી નિયત સમયમર્યાદામાં મળે તે સુનિશ્ચિત કરવા અંગત લક્ષ્ય આપવા હુકમ કરવામાં આવેછે.**

**આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીઓ નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકાર ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ—૨૦૦૫ ની કલમ—૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર—૩૮૨૦૧૮ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**ટાઉન પ્લાનીંગખાતુ**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** તા. ૦૧–૦૯–૨૦૧૫

**અરજદાર :** શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી),શ્રી વી.એસ.ગણેશવાલા, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષય :** આર.ટી.આઇ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિહ એ. બ્રહમભટ્ટની તા.૨૯–૦૭–૨૦૧૫ના રોજની આઇ.ડી.નં.૧૦૫૨ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :** (૧) આપશ્રીની રાઇટ–ટુ–ઇર્ન્ફોમેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૨૯–૦૭–૨૦૧૫ના રોજની અરજી આઇ.ડી.નં.૧૦૫૨
(૨) આપશ્રીની અપીલ અરજી તા.૦૧–૦૯–૨૦૧૫
(૩) અત્રેની કચેરીનો તા.૦૭–૦૯–૨૦૧૫નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઇ/પ્રથમ અપીલ–૩૪

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા સંદર્ભ(૧)હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, રોડ વિભાગ, લિંબાયત ઝોન, મધ્યસ્થ શહેરી વિકાસ વિભાગ તથા ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકાને કરેલ. સંદર્ભ(૧) હેઠળની સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૩૧–૦૭–૨૦૧૫ના પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ/જાવક/૧૬૨૫ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(જી) શ્રી વી.એસ.ગણેશવાલાને તા.૩૧–૦૭–૨૦૧૫ના ઈ.નં.૧૯૦થી પ્રાપ્ત થયેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી), શ્રી વી.એસ.ગણેશવાલા ધ્વારા સદર અરજીના સંદર્ભમાં અરજદારશ્રીને માહિતી પાઠવવામાં આવેલ નથી. જેનાથી નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. સદર અરજી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ ખાતામાં ટીપીડી/આરટીઆઈ/ પ્રથમ અપીલ, ઈ.નં.૨૪, તા.૦૨–૦૯–૨૦૧૫ થી નોંધાયેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૦૭–૦૯–૨૦૧૫ના પત્રથી શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(જી) શ્રી વી.એસ.ગણેશવાલાને તા.૧૧–૦૯–૨૦૧૫ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી હાજર રહેલ હતાં. અરજદારશ્રી ધ્વારા માહિતી માંગતી સંદર્ભ (૧) હેઠળની તેઓની અરજીમાં ઉલ્લેખ કર્યા મુજબની સોસાયટીઓના એપ્રોચ માટે ટી.પી.સ્કીમ

હેઠળના રસ્તાની માહિતી / વિગતો જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા પાઠવવામાં આવેલ નહિ હોવાની રજુઆત કરેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી),શ્રી વી.એસ.ગણેશવાલાએ, આર.ટી.આઈ.એકટ હેઠળની સંદર્ભ (૧) હેઠળની અરજીની તપાસ કરતા અરજી ગેરવલ્લે થયેલ હોય, અરજદારશ્રીની સંદર્ભ (૨) હેઠળની અપીલ સાથે માહિતી માંગવા માટેની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૯–૦૭–૨૦૧૫ના રોજની અરજીની નકલ બિડાણ કરવામાં આવેલ જેનો અભ્યાસ કરતા અરજીના કુલ ૫ (પાંચ) મુદ્દાઓ પૈકી એક પણ મુદ્દો ટાઉન પ્લાનીંગ વિભાગને સ્પર્શતો નહીં હોવાનું અપીલની સુનવણી દરમ્યાન જણાવેલ છે.

**–:હુકમ:–**

આર.ટી.આઇ એકટના નમુના–ક ની અરજી આઇ.ડી.નં.૧૦૫૨, તા.૨૯–૦૭–૨૦૧૫ અન્વયે અરજદારશ્રી દ્વારા રૂબરૂ સુનવણી દરમ્યાન કરેલ રજુઆત મુજબ માહિતી માંગતી તેઓની અરજીમાં ઉલ્લેખ કર્યા મુજબની સોસાયટીઓના એપ્રોચ માટે ટી.પી.સ્કીમ હેઠળના રસ્તાની માહિતી / વિગતો ડેપ્યુટી ટાઉન પ્લાનર અને જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારાઆપવામાં આવેલ ન હોવાથી અરજદારશ્રી દ્વારા પ્રથમ અપીલ કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી), શ્રી વી.એસ.ગણેશવાલા ધ્વારા અરજદારશ્રીની સંદર્ભ (૧) હેઠળની અરજીમાં ઉલ્લેખ કરવામાં આવેલ સોસાયટીઓને એપ્રોચ માટે ટી.પી.સ્કીમ હેઠળના રસ્તા અંગેની કોઈ માહિતી/વિગતો અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ ન હોવાથી તે અંગે માહિતી પાઠવવાનો પ્રશ્ન ઉપસ્થિત રહેતો ન હોવાનું જણાવેલ છે. જે અન્વયે અરજદારશ્રી માહિતી માંગતી મુળ અરજીમાં સદર રસ્તાઓની વિગતો માંગવામાં નહિ આવેલ હોવાનું સ્વીકારે છે. તેમ છતાં અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજીમાં જે જે સોસાયટીઓના નામો / લોકેશનનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે સોસાયટીઓ / અંતિમખંડોને ટી.પી.સ્કીમ હેઠળ આપવામાં આવેલ એપ્રોચ/રસ્તાના નકશાની નકલ આપવા સુનવણી દરમ્યાન રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ, અરજદારશ્રીને ચોકકસ કયા રસ્તાઓની નકલની જરૂર છે તે અંગે અરજદારશ્રી જણાવી શકેલ નથી. જે ધ્યાને લેતાં ટાઉન પ્લાનીંગ વિભાગમાં ઉપલબ્ધ, માંગેલ માહિતીને સંલગ્ન વિસ્તારના નકશા / રેકર્ડનું દિન–૭ (સાત)માં આર.ટી.આઈ. એકટની જોગવાઈઓ/ નિયમ મુજબ અરજદારશ્રીને રૂબરૂ નિરીક્ષણ આપવા તથા તે અંગે જરૂરી પ્રબંધ કરવા તથા રેકર્ડ નિરીક્ષણ અન્વયે અરજદારશ્રી જે નકલો / માહિતી માંગે તે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી), શ્રી વી.એસ.ગણેશવાલાને હુકમ કરવામાં આવે છે તથા આર.ટી.આઈ. એકટ હેઠળની અરજદારશ્રીની

અરજી સંદર્ભે અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં માહિતી / પ્રત્યુત્તર મળી રહે તે સુનિશ્ચિત કરવા ખાસ કાળજી લેવા તાકિદ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીઓ નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકાર ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી : તા.૨૪–૦૨–૨૦૧૫**
**અરજદાર : શ્રી ઝમીર શેખ,**
**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (એ) શ્રી અશોક એમ. ગઢવી, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી ઝમીર શેખ ની તા.૧૬/૦૧/૨૦૧૫ અરજી આઈ.ડી.નં. ૯૪૬ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧) અરજદારશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૬/૦૧/૨૦૧૫ ના રોજની અરજી.(આઈ.ડી.નં.૯૪૬).
(૨) જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી (બી) નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૭૨૫, તા.૨૩/૦૧/૨૦૧૫
(૩) અરજદારશ્રીની અપીલ અરજી તા.૨૪/૦૨/૨૦૧૫.
(૪) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/ ૭૫, તા.૧૨–૦૩–૨૦૧૫

- **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદારશ્રી ઝમીર શેખ ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, અઠવા ઝોન ધ્વારા તા.૧૯/૦૧/૨૦૧૫ ના રોજ તબદીલ થઈને ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ છે. અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી, જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (બી) અશોક. એમ ગઢવી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટશ્રીને અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે. અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળથી કરેલ અપીલ અરજી ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૫–૦૨–૨૦૧૫ ના રોજ મળેલ. જે મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/ આરટીઆઈ/પ્રથમ અપીલ ઈ.નં.૨૭, તા.૨૫–૦૨–૨૦૧૫ થી નોંધાયેલ છે. સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારશ્રી ઝમીર શેખ અથવા તેમના ધ્વારા નિયુકત પ્રતિનીધિને તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (બી) અશોક. એમ ગઢવીને તા.૧૦–૦૩–૨૦૧૫ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રૂબરૂ રજુઆત અંગે મૂળ અરજી નકલ/રેકર્ડ/દસ્તાવેજી પુરાવા સહિત હાજર રહેવા જણાવવામાં આવેલ. અરજદારશ્રી હાજર રહેલ ન હોવાથી સંદર્ભ (૫) હેઠળના પત્રથી સુનાવણી માટે ફરીવાર તા.૧૬/૦૪/૨૦૧૫ ના રોજ અપીલ અધિકારી અને

શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે સુનાવણીમાં પણ અરજદારશ્રી હાજર રહેલ નથી તેમજ આ બાબતે વધુ કોઈ લેખીત રજુઆત કરેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (બી) અશોક. એમ ગઢવી ધ્વારા સુનાવણીમાં હાજર રહી, અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી, ટાઉન પ્લાનીંગ ખાતાને સંલગ્ન નહિ હોવાથી તેઓ ધ્વારા સદર અરજી સંબંધિત વિભાગને અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી અન્વયે ઉપરોકત હકીકત ધ્યાને લઈ નીચેની વિગતોએ આથી હુકમ કરવામાં આવે છે.

–: <u>હુકમ</u> :–

ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં ''આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૯૪૬ થી માંગેલ માહિતી અન્વયે સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (બી) અશોક એમ. ગઢવી ધ્વારા જણાવ્યા મુજબ અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ વિભાગને લગતી ન હોય, સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટશ્રીને સ્પર્શતી હોવાથી અરજી સંપૂર્ણપણે જાહેર માહિતી અધિકારી અને સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટશ્રીને તબદીલ કરવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લેતાં અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (બી) અશોક એમ. ગઢવીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

આમ, ઉપર મુજબ હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી : તા.૨૪–૦૨–૨૦૧૫**

**અરજદાર : શ્રી ઝમીર શેખ,**

**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (એ) શ્રી અશોક એમ. ગઢવી, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી ઝમીર શેખ ની તા.૧૬/૦૧/૨૦૧૫ અરજી આઈ.ડી.નં. ૯૪૩ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧) અરજદારશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૬/૦૧/૨૦૧૫ ના રોજની અરજી.(આઈ.ડી.નં.૯૪૩).

(૨) અરજદારશ્રીની અપીલ અરજી તા.૨૪/૦૨/૨૦૧૫.

(૩) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/ ૭૩ , તા.૧૨–૦૩–૨૦૧૫

- **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદારશ્રી ઝમીર શેખ ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, અઠવા ઝોન ધ્વારા તા.૧૯/૦૧/૨૦૧૫ ના રોજ તબદીલ થઈને ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ છે. અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળથી કરેલ અપીલ અરજી ટાઉન પ્લાનીંગ વિભાગના જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી (સી) એ.કે.ટેલર ધ્વારા જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી (બી) અશોક એમ. ગઢવીને તા.૨૭–૦૧–૨૦૧૫ ના રોજ તબદીલ કરેલ છે. અરજદારશ્રીની તા.૨૪/૦૨/૨૦૧૫ ની અપીલ અરજી અપીલ અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (રેકર્ડ) ધ્વારા ટાઉન પ્લાનીંગ ખાતામાં તા.૨૭–૦૨–૨૦૧૫ ના રોજ તબદીલ કરેલ, જે મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ ઈ.નં.૨૬, તા.૨૬–૦૨–૨૦૧૫ થી નોંધાયેલ છે. વધુમાં, ઉકત અપીલ અરજી કાર્યપાલક ઈજનેર અને એપેલેટ ઓફિસરશ્રી, લિંબાયત ઝોન ધ્વારા ટાઉન પ્લાનીંગ વિભાગમાં તા.૦૫/૦૩/૨૦૧૫ ના રોજ તબદીલ કરેલ, જે મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ ઈ.નં.૨૬, તા.૦૯–૦૩–૨૦૧૫ થી નોંધાયેલ છે. સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી શ્રી ઝમીર શેખ અથવા તેમના ધ્વારા નિયુકત પ્રતિનીધિને તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી (બી) અશોક

એમ. ગઢવીને તા.૧૬–૦૩–૨૦૧૫ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રૂબરૂ રજુઆત અંગે મૂળ અરજી નકલ/રેકર્ડ/દસ્તાવેજી પુરાવા સહિત હાજર રહેવા જણાવવામાં આવેલ. જે સુનાવણીમાં  અરજદારશ્રી હાજર રહેલ નથી તેમજ આ બાબતે વધુ કોઈ લેખીત રજુઆત રજુ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રીએ સુનાવણીમાં હાજર રહી અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ વિભાગને લગતી ન હોવાથી, અરજદારશ્રીને જવાબ પાઠવેલ ન હોવાની સ્પષ્ટતા કરેલ છે.

અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી અન્વયે ઉપરોકત હકીકત ધ્યાને લઈ નીચેની વિગતોએ આથી હુકમ કરવામાં આવે છે.

–: <u>હુકમ</u> :–

અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૧) હેઠળની આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજીના મુદ્દા નં.(૧) થી (૪) અન્વયે જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી (બી) અશોક એમ. ગઢવી ધ્વારા સંપૂર્ણ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ નથી. જે ધ્યાને લઈ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની વિગતો/માહિતી દિન–૭ માં વિનામુલ્યે અરજદારશ્રીને પુરી પાડવા તથા અરજદારશ્રીને સદર માહિતી/પ્રત્યુત્તરથી સંતોષ ન થાય અને અરજદારશ્રી રેકર્ડ નિરીક્ષણ માટે માંગણી કરે તો તેઓને વિનામુલ્યે રેકર્ડ નિરીક્ષણ માટેનો પ્રબંધ કરી, અરજદારશ્રી ધ્વારા માંગણી કરવામાં આવે તે મુજબની નકલ/માહિતી આપવા તથા આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ ની જોગવાઈઓ હેઠળ અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં સંપૂર્ણ માહિતી મળે તે સુનિશ્ચિત કરવા જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી (બી) અશોક એમ. ગઢવીને ખાસ તકેદારી રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

આમ, ઉપર મુજબ હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** તા.૨૭/૦૭/૨૦૧૫

**અરજદારઃ** શ્રી નગીનભાઇ પરાગજીભાઇ ચૌહાણ / શ્રી મુકેશભાઇ સી. પટેલ.

**સામાવાળાઃ** જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી જયદીપ પરીખ, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા,સુરત.

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ–** આર.ટી.આઇ એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નગીનભાઇ પરાગજીભાઇ ચૌહાણ / શ્રી મુકેશભાઇ સી. પટેલની તા.૧૮/૦૫/૨૦૧૫ની અરજી આઇ.ડી.નં.૯૩૮ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧)આપશ્રીની રાઈટ ટુ ઈન્ર્ફોમેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૮–૦૫–૨૦૧૫ના રોજની અરજી (આઈ.ડી.નં.૯૩૮)
(૨)જાહેર માહિતી અધિકારી ટુ કલેકટર, પી.આર.ઓ. શાખા પત્ર નં.પી.આર.ઓ/ આર.ટી. આઈ./રજી.નં.૯૩૮/૧૫, તા.૨૨/૦૫/૨૦૧૫.
(૩)જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક(મધ્યસ્થ કચેરી) પત્ર નં.સી/આર.ટી. આઇ./૧૩૯, તા.૩૦/૦૫/૨૦૧૫.
(૪)ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ/૨૧૩, તા.૧૨/૦૬/૨૦૧૫.
(૫)આપશ્રીની અપીલ અરજી નં.૧૩૮, તા.૨૭/૦૭/૨૦૧૫.
(૬)અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સાઉથ ઝોન(ઉધના)ના પત્ર નં.સા.ઝોન/ટેક /૨૫૫, તા.૩૧/૦૭/૨૦૧૫.
(૭)જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક(મધ્યસ્થ કચેરી) પત્ર નં.સી/એફ એ પી/ ૯૩, તા.૦૪/૦૮/૨૦૧૫.
(૮)અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રીના પત્ર નં.ટીપીડી/આર.ટી.આઇ./૩૧ I અપીલ, તા.૨૬/૦૮/૨૦૧૫.

અરજદાર શ્રી નગીનભાઈ પરાગજીભાઈ ચૌહાણ / શ્રી મુકેશભાઈ સી. પટેલ ધ્વારા આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ સંર્દભ(૧) હેઠળની અરજી સંદર્ભ (૨) તથા (૩)હેઠળના પત્રથી માહિતીના મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી જયદીપ પરીખ ધ્વારા સદરહુ અરજી ટાઉન પ્લાનીંગ વિભાગને સ્પર્શતી ન હોય તેના કાર્યક્ષેત્ર ધરાવતા જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી(સુડા)ને તા.૧૨/૦૬/૧૫ના પત્રથી તબદીલ કરવામાં આવેલ તથા તેની જાણ અરજદારશ્રીને પણ કરવામાં આવેલ. પરંતુ અરજદારશ્રીએ માહિતી મળી નથી તેમ જણાવી સંદર્ભ (૫) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. જે

સાઉથ ઝોન (ઉધના)માં સાઉથ ઝોન/આરટીઆઇ/પ્રથમ અપીલ/ઇ.નં.૧૩૮, તા.૨૭/૦૭/૨૦૧૫ થી નોંધાયેલ. જે સંદર્ભ(૬) તથા (૭) હેઠળના પત્રોથી ટાઉન પ્લાનીંગ વિભાગને મળેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૮) હેઠળના તા.૨૬/૦૮/૨૦૧૫ના પત્રથી શ્રી નગીનભાઇ પરાગજીભાઇ ચૌહાણ / શ્રી મુકેશભાઇ સી. પટેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી જયદીપ પરીખને તા.૦૧/૦૯/૨૦૧૫ના રોજ ૪:૩૦કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારશ્રી નગીનભાઇ પરાગજીભાઇ ચૌહાણ / શ્રી મુકેશભાઇ સી. પટેલ અને આસી.ટાઉન પ્લાનર ભાવિની દેસાઇ હાજર રહેલ હતા. સુનવણી દરમ્યાન અરજદારે નીચે મુજબ રજુઆત કરેલ.અરજદારશ્રી ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દા નં.(૧) તથા (૨)ની માહિતી મળેલ ન હોવાનું જણાવેલ. સુનવણી દરમ્યાન આસી.ટાઉન પ્લાનરશ્રીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ.

અરજદારશ્રીની આર.ટી.આઇ એકટ હેઠળ માંગવામાં આવેલ માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતી ન હોય તેમજ સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા) ને સંલગ્ન હોય અરજદારશ્રીની અરજી સુડાને તા.૧૨/૦૬/૨૦૧૫થી તબદીલ કરી તેની જાણ અરજદારશ્રીને કરવામાં આવેલ.

અપીલની સુનવણી દરમ્યાન કરવામાં આવેલ સ્પષ્ટતાથી અરજદારશ્રીએ તેઓની માહિતી માંગતી અરજી સુડાને સંલગ્ન હોવાનું સ્વીકારી જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે સંતોષ વ્યકત કરેલ છે તથા ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ ઇન્સ્પેકશનની માંગણી કરેલ છે.

**—: હુકમ :—**

"આર.ટી.આઇ એકટ ૨૦૦૫ની અરજી આઈ.ડી.નં.૯૩૮ અન્વયે રૂબરૂ સુનવણી દરમ્યાન મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી અને આસી.ટાઉન પ્લાનરશ્રી ભાવિની દેસાઇએ કરેલ રજુઆત મુજબ અરજદારશ્રીની અરજીના મુદ્દા નં.(૧) તથા (૨)ની માંગેલ માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગને સ્પર્શતી ન હોય જે સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા) ને વધુ નિકટતાથી સ્પર્શતી હોય, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી જયદીપ પરીખ ધ્વારા સદર અરજી અરજદારશ્રીની જાણ હેઠળ જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી (સુરત શહેરી વિકાસ સત્તામંડળ) પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે. અપીલની સુનવણી દરમ્યાન મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી અને આસી.ટાઉન પ્લાનરશ્રી ધ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતાથી અરજદારશ્રીએ તેઓની માહિતી માંગતી અરજી સુરત શહેરી વિકાસ સત્તામંડળ સંલગ્ન હોવાનું સ્વીકારી જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે સંતોષ વ્યકત કરી સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ ઇન્સ્પેકશનની માંગણી કરેલ છે. જે ધ્યાને લઇ અરજદારશ્રી ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને

ડે.ટાઉન પ્લાનરશ્રી જયદીપ પરીખને અરજદારશ્રીને દિન –૭(સાત)માં અરજદારશ્રીને નિયમાનુસાર રેકર્ડ ઈન્સ્પેકશન આપવાનો તથા આ અંગે યોગ્ય પ્રબંધ કરવાનો હુકમ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ૧૯(૧)અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિરમાભવન પાછળ, સેકટર નં.૧૦/એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગર પાલિકા**

**અપીલ અરજી : તા.૧૮–૦૪–૨૦૧૫**
**અરજદાર : શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ,**
**સામાવા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવી, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટની તા.૨૧/૦૪/૨૦૧૫ અરજી આઈ.ડી.નં.૨૬૨૪ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧) અરજદારશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૨૧/૦૪/૨૦૧૫ ના રોજની અરજી.(આઈ.ડી.નં.૨૬૨૪).
(૨) જાહેર માહિતી અધિકારીશ્રીનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૧૯૫, તા.૦૬/૦૬/૨૦૧૫
(૩) અરજદારશ્રીની અપીલ અરજી તા.૨૨/૦૬/૨૦૧૫.
(૪) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/I–અપીલ/૧૭, તા.૨૭/૦૬/૨૦૧૫.

- **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજી અન્વયે માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પૂરી પાડવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા આંશિક/અધૂરી માહિતી પૂરી પાડેલ હોવાથી તથા ટી.પી.સ્કીમ નં.૨૪, ૨૭ મંજૂરી માટે મોકલાવી તે મૂળ ઈન્ટેન્સીયલ પ્રોર્પઝ રીપોર્ટની નકલ સહિતની માહિતી ન પૂરી પાડી હોવાથી તથા ટી.પી.સ્કીમમાં મોજે–ઉત્રાણના બ્લોક નં.૭૭ નો સમાવેશ ન કરવા માટેની કાયદેસરતા, વ્યાજબીપણા તથા કારણોની માહિતી ન પૂરી પાડી હોવાથી તેમજ મોજે–ઉત્રાણ,બ્લોક નં.૭૭ નો ટી.પી.સ્કીમમાં સમાવેશ ન કરવાનો નિર્ણય લેનાર અધિકારી, ઉચ્ચ અધિકારીના નામ અને હોદ્દા સહિતની માહિતી સહિત માંગ્યા મુજબની માહિતી પૈકી અતિમહત્વની ઘણી બધી માહિતી પૂરી પાડી ન હોવાથી નારાજ થઈ અરજદારશ્રીએ કરેલ સંદર્ભ (૪) હેઠળથી અપીલ અરજી અત્રે મળેલ. જે મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ ઈ.નં.૧૨, તા.૨૨–૦૬–૨૦૧૫ થી નોંધાયેલ છે.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ અથવા તેમના ધ્વારા નિયુકત પ્રતિનિધીને તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીને તા.૩૦–૦૬–૨૦૧૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ મૂળ અરજીની નકલ / રેકર્ડ/ દસ્તાવેજી પૂરાવા સહિત હાજર રહેવા જણાવેલ. ઉપરોકત તારીખ / સમયે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ વતી તેમના ભાઈ શ્રી જસવંતસિંહ એ. બ્રહ્મભટ્ટ હાજર રહેલ.

સુનાવણીમાં હાજર રહેલ સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવી ધ્વારા જણાવ્યા મુજબ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ વિગતો અન્વયે ટાઉન પ્લાનીંગ ખાતાના રેકર્ડ /ફાઈલ પર ઉપલબ્ધ માહિતી તેમના ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી પૂરી પાડવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રી વતી હાજર રહેલ શ્રી જસવંતસિંહ એ. બ્રહ્મભટ્ટ ધ્વારા જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતીમાં મોજે–ઉત્રાણ,બ્લોક નં.૭૭ નો ટી.પી.સ્કીમમાં સમાવેશ ન કરવા બાબતના કારણો તથા તે બાબતે નિર્ણય લેનાર અધિકારી તથા ઉચ્ચ અધિકારીના નામો સહિતની વિગતો/ માહિતી મળેલ ન હોવાની રજુઆત કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા સદર બાબત સંબંધિત ફાઈલ/રેકર્ડ પર નોંધાયેલ ન હોય, જે માહિતી/નકલો આપી શકાય તેમ નહી હોવાની સ્પષ્ટતા કરી આ અરજદારશ્રી ઈચ્છે તો તેઓને રેકર્ડ નિરિક્ષણ કરાવવાની પ્રસ્તાવના આપેલ છે. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા સંલગ્ન ટી.પી.સ્કીમ નં.૨૪ (મોટા વરાછા–ઉત્રાણ) તથા ટી.પી.સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) તૈયાર કરવા બાબતેની ફાઈલનું રેકર્ડ ઈન્સ્પેકશન આપવા રજુઆત કરવામાં આવેલ છે.

–: **<u>હુકમ</u>** :–

ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં "આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૨૬૨૪ થી માંગેલ માહિતી અન્વયે સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવી ધ્વારા જણાવ્યા મુજબ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ વિગતો સંદર્ભ (૨) હેઠળના પત્રથી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ વતી હાજર રહેલ તેમના ભાઈ શ્રી જસવંતસિંહ એ. બ્રહ્મભટ્ટ ધ્વારા કરવામાં આવેલ રજુઆત અન્વયે અરજદારશ્રીને ટી.પી.સ્કીમ નં.૨૪ (મોટા વરાછા–ઉત્રાણ) તથા ટી.પી.સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) તૈયાર કરવા બાબતેની ફાઈલનું નિયમોનુસાર રેકર્ડ ઈન્સ્પેકશન આપવા તેમજ તેના અનુસંધાને અરજદારશ્રી ધ્વારા જે માહિતી/પુરાવાની માંગણી કરવામાં આવે તે માહિતી/નકલો તથા સદર ટી.પી.સ્કીમ સંબંધે અધિકારીશ્રીઓની વિગતો પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (બી) શ્રી અશોક એમ. ગઢવીને હુકમ કરવામાં આવે છે.

આમ, ઉપર મુજબ હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગર પાલિકા**